Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTER B. NO. 156

શ્રી

પુ. ૧૯ મું. અંક ૯-૧૦

# જૈનધર્મ પ્રકાશ

સં. ૧૯૬૦ માગશર પોસ

उपजाति.

धार्यः प्रबोधो हृदि पुण्यदानं, शीलं सदांगीकरणीयमेव ।
तप्यं तपो भावनयैव कार्या, जिनेंद्रपूजा गुरुभक्तिरुद्यमः ॥

प्रगट कर्त्ता.

## श्री जैनधर्म प्रसारक सभा.

ભાવનગર

अनुक्रमणिका


| | | |
|---|---|---|
| ૧ | ઉપદેશક પદ્ય. | ૧૯૩ |
| ૨ | અમારો પ્રવાસ. | ૧૯૪ |
| ૩ | મુનિઓને રેલમાં બેસવા સંબંધી લેખનો પ્રત્યુત્તર. | ૨૦૩ |
| ૪ | બનારસ જૈન પાઠશાળા વિષે વિજ્ઞપ્તિ. | ૨૨૯ |
| ૫ | હિરપ્રશ્ન તથા સેનપ્રશ્ન ઉદ્ધરીત સાર. | ૨[illegible] |
| ૬ | પ્રબોધ. | ૨૩૩ |
| ૭ | વર્તમાન ચર્ચા. | ૨૩૬ |


અમદાવાદ.
"એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસ"માં,
નથુભાઈ રતનચંદ મારફતીયાએ છાપ્યું
વીર સંવત ૨૪૨૯ શાકે ૧૮૨૫ સને ૧૯૦૩
વાર્ષિક મૂલ્ય રૂ ૧) પોસ્ટેજ ચાર આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચોપાનિયું રખડતું મુકીને આશાતના કરવી નહી.

# विनंती पत्र.

सर्व संवेगी मुनीराज महाराज साहिबोंसे तथा साध्वीजी महाराज साहिबोंसे विनंती पुर्वक देश मालवाका सकल संघमंदिराम्नायवाले अर्ज करते है कि इदरमें श्री मक्षीपार्श्वनाथजीका तथा शामलीयाजीका (जहां कि भाद्रवाशुद २ का २ ।मिंसे दूध व पानी झरताहै) बडे तीर्थ है अपूर्व यात्रा है. जरूर करके आप साहिब यात्रार्थ पधारेंगें इस देशमें मतमतांतर सिंघाडे संबंधी कुछ विषवाद है नहीं. क्षेत्र अच्छाहै वास्ते संकल्प विकल्प दूर करके इदर विचरणेसें अत्यंत लाभ स्व पर जींवकों होगा. गुजरातसें इदर विहार करनेमें कोई २ अगवडके मुकाम आतेहैं. उन मुकामोंसे नीचे ठेकाणे श्रावकोंसें खबर दिलवाना. इदरके संघ तरफसे सत्वर बंदोबस्त होजायगा. संघ भक्तीकरनेको उजमाल हो रहाहै. और प्लेगका उपद्रव अब इदरमें है नहीं. एज अर्ज.

श्री जैन श्वेतांबर संघ.
सं. १९६० पौशशुक्ल ३ ठी. बाबासाहिबके मंदिरमें. थावरीआबजा
रतलाम.

---

## ભાઈ ઝવેર ડાહ્યાભાઇનું ખેદકારક મૃત્યું.

અમારી સભાના એક લાંબા વખતના સભાસદ ઝવેર ડાહ્યાભાઇ ધોળેરા નિવાસી ગયા પોસ સુદિ ૧ મે ૪૩ વર્ષની વયે આફાની દુનીયા છોડી ગયા છે. તેમનો અભાવ થવાથી સભાને એક ઉપયોગી મેમ્બરની ખામી આવી પડી છે સભાસદો પૈકી પદ્ય રચનામા એઓજ એક કુશળ હતા. ધર્મ શ્રદ્ધા બહુ શ્રેષ્ઠ હતી. એમના પિતા પણ ધર્મિષ્ટ હતા એમના મૃત્યુથી એમના કુટુંબમાં ખરેખરી ખામી આવી પડી છે. અમે અંતઃકરણથી એમને દિલાસો આપીએ છીએ. અને સંસારની અનિત્યતા વિચારી દિલગીરીમાં નિમગ્ન ન થતાં ધર્મ કાર્યમાં ઉદ્યમવંત રહેવા સચવીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश

દોહરો.

[illegible]નુ જન્મ પામી કરી, કરવા જ્ઞાન વિકાશ;
[illegible]નેહ યુક્ત ચિત્તે કરી, વાંચો જૈન પ્રકાશ.

પુ. ૧૯ મું. શાકે ૧૮૨૫. સં. ૧૯૬૦ માગશર-પોસ અંક ૯-૧૦

## उपदेशक पद्य.

" આહા પ્રેમ પીડા કેવી, એ રાગ. "

**આહા મોહ દશા કેવી, ઘડી ઘડી પલકે પલકે;**
**ક્ષણે ક્ષણે મન ભૂલે છે. મોહ૦ ટેક.**
ઘણુંએ કરૂં જ્ઞાન ધરૂં ધર્મ મર્મ સહિત ધ્યાનં;
ત્હોય ભૂલી ભાન, ક્રોધ લોભ માન;
માયા જાળે પલકે પલકે ક્ષણે ક્ષણે **મન૦ ૧**
હાસ્ય ને રતિ અરતિ, શોગ દુગંછાની ભીતી,
મોહની મહા ત્રણ કુંજ છે અતિ મતિ બધી;
પલકે પલકે ક્ષણે ક્ષણે મન ભૂલે છે. **મોહ૦ ૨**
વિષમ રાગ દ્વેષ પ્હાડ, વેદ ઉદય પીસુન ધાડ;
તૃષ્ણા ઝરે નીર અતિ ચપળતા સમીર.
કુમતિનો તરંગ સાથ ક્ષણે ક્ષણે, **મન ભૂ૦ ૩**
જગત્ પ્રતિપાળ પ્રભૂ, શાન્તિનાથ છો કૃપાળ;
નમી કહું વાર વાર, ભવ દુઃખ દધિથી ઉગાર,
આપો એક બોધિ બીજ રત્ન જૈન સેવક યાચે. **મોહદશાટાળો. ૪**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પદ ૨ જું.

" ચિત ચોરી ચિત ચોરી ચાલીએ ચાલી, એ રાગ. "

**બધું મૂકી બધું મૂકી અંતે તો જાવું છે, ટેક.**

મુછ મરડે શિદ થઇ મદમાતો, અહનિશિ વિષય વિષે અતિ રાતો;
કાંઇ પ્રતિકુળથી તાતો થાતો, મોહ મદિરા પીતો પાતો.
પુદ્‌ગળ રંગ પતંગ દેખાતો, જોત જેતામાં જાતો જાતો જતોજ રેશે, **બધું મૂ૦૧**
નિજપર ભાવ વિવેક વિચારી, ભેદ જ્ઞાન ગુરૂ ગમથી ધારી;
ભૂલ અનાદિની સઘ વિસારી, જ્ઞાન કબાન સુરંગ સુધારી;
અનુપમ અધ્યાત્મ અમીં સંચારી, જૈન સેવક સુખકારી **સારી સિદ્ધિજ થાશે. ૨**

જૈ૦ શિ૦ હે.
માણસા, જૈનશાળા શિક્ષક.

# अमारो प्रवास.

## ( લખી મોકલનાર શા. કુંવરજી આણંદજી. )

**ભાવનગર** શેહેરમાં ચાલતા મરકીના ત્રાસમાં દુઃખી થતા કુટુંબો ની અનેક પ્રકારની હાજતો પૂરી પાડવાના સાધનરૂપ એક ફંડ ઉભું કરવામાં બનતો પ્રયાસ કરી તેમાં સુમારે રૂ. ૬૫૦૦ ) થયા બાદ એક માસમાં થયેલા રૂ. ૨૫૦૦ ) લગભગના ખર્ચનો હીશાબ બહાર પાડી[1] શ્રી **વળામાં** પરમોપગારી **મુનિરાજશ્રી વૃદ્ધિચંદજી** મહારાજના શિષ્ય **મુનિરાજશ્રી નેમવિજયજીને** માગશર શુદિ ૩ના રોજ પન્યાસ પદવી આપવાનું હોવાથી સહકાર્યકારી **ગાંધી મોતીલાલ ગગલને ' ભાવનગર નિરાશ્રીતફંડ '** સંબંધી ઉપજ વધારવાનું તથા ખર્ચ કરવાનું કાર્ય સોંપી વળે જવુ થયું.

### વળા.

**વળા** પ્રાચિન **વલ્લભીપુરી** વાળે સ્થાનકે વસેલું શેહેર છે **શ્રી દેવર્દ્ધિગણીક્ષમાશ્રમણ** મહારાજાએ જૈનસિદ્ધાંત વિગેરેને પુસ્તકારૂઢ કર્યા તે આ પવિત્ર સ્થળ છે. ત્યાં **મુનિરાજશ્રી નેમવિજયજીને** શ્રી

૧ એ ફંડમાં રૂપીઆ દશહજાર થવા આવ્યા છે. ખર્ચ બે માસમાં રૂ. ૬૫૦૦ ) લગભગ થયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવતિ સૂત્રના યોગોદ્વહન કરવાથી શાસ્ત્રાધારે કાર્તિક વદ ૭ મે **ગણી** પદવી આપવામાં આવી હતી. તે વખતે શ્રી **અમદાવાદથી શેઠ જમનાભાઇ ભગુભાઇ** તથા **ઝવેરી છોટાલાલ લલુભાઇ** વિગેરે ગૃહસ્થો આવ્યા હતા. **પન્યાસ** પદવીના મહોચ્છવ ઉપર **શેઠ મનસુખભાઇ ભગુભાઇ, શેઠ ચીમનભાઇ નગીનદાસ, શેઠ અંબાલાલ સારાભાઇ** વિગેરે અમદાવાદથી અને **શેઠ પરશોતમદાસ પોપટભાઇ** ખંભાતથી તથા **વોરા અમરચંદ જસરાજ** અને **વોરા હઠીશંઘ ઝવેર** વિગેરે ભાવનગરથી આવ્યા હતા. દેરાસરે અઠ્ઠાઇ મહોચ્છવ કાર્તિક વદિ ૭ થી શરૂ હતો. માગશર શુદિ ૩ ના પ્રાતઃકાળમાં નંદી માંડીને **મુનિરાજ શ્રી નેમવિજયજીએ** ક્રિયા કરવી શરૂ કરી હતી. **પન્યાસજી શ્રી ગંભીર વિજયજી** ક્રિયા કરાવતા હતા. આખો સંઘ એકઠો મળ્યો હતો. વળાના **દરબાર શ્રી વખતસિંહજી** પણ પન્યાસ પદવીના મુહુર્ત વખતે પધાર્યા હતા. ચતુર્વિધ સંઘ સમક્ષ મુકરર કરેલે મુહુર્તે **પન્યાસજી શ્રી ગંભીર વિજયજીએ** પન્યાસ પદવી આપી હતી. **મુનિરાજ શ્રી નેમવિજયજી** તે વખતથી **પન્યાસ શ્રી નેમવિજયજી ગણી** કહેવાયા છે.–એ વખતે ચતુર્વિધ સંઘને ઘણો હર્ષ થયો હતો. **અને** શ્રાવક વર્ગે હર્ષોત્પત્તિના ચિન્હ તરિકે એકેક કપડો વહોરાવ્યો હતો. ત્યારબાદ શ્રી સિદ્ધાચળજી **તીર્થની** સન્મુખ–જ્યાંથી એ **તીર્થના** દર્શન થઇ શકે છે ત્યાં મોટી ધામધુમ સાથે સર્વ સાધુ સાધ્વી સહીત વરઘોડો ચડાવીને જવાનું બન્યુ હતું. **દરબારશ્રી** તરફથી **તમામ** રાજ રયાસત વરઘોડા માટે **આપવામાં આવી** હતી, તે દિવસે શ્રી **અમદાવાદના** ગૃહસ્થો તરફથી **નવકારશી કરવામાં આવી** હતી. બહાર ગામથી પુષ્કળ માણસો આવ્યું હતું. શુદિ ૪ થે જળયાત્રાનો વરઘોડો ચડાવવામાં આવ્યો હતો અને તે દિવસે **શ્રી ભાવનગરવાળા વોરા અમરચંદ જસરાજ, વોરા ઝવેર સુરચંદ** તથા **શા. આણંદજી પરશોતમ તરફથી** નવકારશી કરવામાં આવી હતી.

વળામાં **પ્રથમ એક** ઘણું નાનું દેરાસર હતું કે જેના ગર્ભગૃહમાં બે ત્રણ માણસ પણ મુસ્કેલીએ ઉભા રહી શકે તેમ હતું. તેથી તે અડચણ દૂર કરવા માટે તે દેરાસર પાસેજ એક મોટું શિખરબંધ દેરાસર હાલમાંજ બંધાવવામાં આવ્યું છે. તેમાં પધરાવવા માટે મૂળ નાયકજીના બિંબ ઘણા સુંદર **શ્રી બુરાનપુરથી** લાવવામાં આવ્યા છે. આ દેરાસર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તૈયાર થયા છતાં પ્રતિષ્ટા બે ત્રણ વર્ષથી થઈ શકી નહોતી તે બાબત શ્રી સંઘને એકત્ર કરીને આવતા માહ માસમાં પ્રતિષ્ટા કરવાનું મુકરર ઠરાવવામાં આવ્યું. જેના ખર્ચની પણ તરતજ વ્યવસ્થા કરી દેવામાં આવી. તેથી તે સંબંધી કામકાજની શરૂઆત થઈ ગઇ છે.

વણાથી નીકળ્યા બાદ માગશર શુદ ૯ મે વીરમગામ જવું થયું.

## વીરમગામ.

**વીરમગામમાં** જિન મંદિર ૫ છે. દર્શન કરવા યોગ્ય છે બનારસમાં જૈન પાઠશાળા સ્થાપન કરવાનો વિચાર **મુનિમહારાજ શ્રી** વૃદ્ધિચંદજી મહારાજના શિષ્ય **મુનિરાજ શ્રી ધર્મવિજયજી**એ અહીંજ મુકરર કરેલો હોવાથી અને તેના પ્રારંભ ફંડમાં મુખ્ય મદદ પણ માંડલ અને વીરમગામનીજ હોવાથી મધ્યબિંદુ તરિકે **બનારસ જૈન પાઠશાળાની વ્યવસ્થાપક કમીટીનું** મુખ્ય સ્થળ વીરમગામ ઠરાવવામાં આવ્યું છે. તે કમીટીમાં પહેલા વર્ષમાં બે પ્રકારના ( દ્રવ્યની મદદ કરનારા અને ઓનરરી ) મળીને ૨૨ મેમ્બરો હતા. તેની વાર્ષિક મીટીંગ માગશર શુદ ૧૦ રવીવારે રાખેલી હોવાથી તેના તમામ મેમ્બરોને આમંત્રણ કરવામાં આવ્યું હતું[1] તેની મીટીંગ શુદ ૧૦ મે અને શુદ ૧૨ શે એમ બે વખત કરવામાં આવી હતી. તેની અંદર મુખ્ય કામો ૫ કરવામાં આવ્યા હતા.

૧ પાછલા વર્ષનો રીપોર્ટ સેક્રેટરીઓએ તૈયાર કરેલો વાંચી સંભળાવ્યો તે પસાર કર્યો.

૨ નવા વર્ષના ખર્ચ માટે વાર્ષિક રૂ. ૬૦૦૦ )ની રકમ મંજુર કરી. કારણ કે વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જાય છે.

૩ મેમ્બરો (૨૨) હતા તેમાં (૮) ગૃહસ્થોના નામ વધારવામાં આવ્યા.

| | |
|---|---|
| **૧ ઝવેરી નેમચંદ મેળાપચંદ** | **૫ શેઠ અનુપચંદ મલુકચંદ** |
| **૨ ઝવેરી દેવચંદ લાલભાઇ** | **૬ શા. ભગુભાઇ ફતેચંદ** |
| **૩ ઝવેરી નગીનદાસ કપુરચંદ** | **૭ શા. વેલજીભાઇ નાથા** |
| **૪ ઝવેરી હીરાચંદ મોતીચંદ** | **૮ શા. હઠીશંઘ રતનચંદ** |

---

૧ સદરહુ મીટીંગમાં નીચે જણાવેલા ગૃહસ્થો પધાર્યા હતા.

| | |
|---|---|
| ૧ શા. વેણીચંદ સુરચંદ મેસાણા | ૫ ઝવેરી ઉજમશી વીરચંદ |
| ૨ શા. કુંવરજી આણંદજી ભાવનગર | ૬ ઝવેરી માણેકચંદ ખેતશી |
| ૩ શા. હકમચંદ નથુભાઇ | ૭ માસ્તર રતનચંદ મુળચંદ |
| ૪ શા. ભગુભાઈ ફતેહચંદ અમદાવાદ | ૮ પરી છોટાલાલ ત્રીકમદાસ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ શ્રી મુંબાઇ ઝવેરી મંડળ તરફથી રૂ.૧૨૫) ની માસિક મદદ પાંચ વર્ષ માટે આપવાનું મુકરર થવાથી તે મંડળનો આભાર માનવાનું ઠરાવવામાં આવ્યું.

૫ નવા વિદ્યાર્થીઓને બનારસ મોકલતાં પહેલાં તેના શરીર સંબંધી, વર્તણુક સંબંધી અને બુદ્ધિ સંબંધી ખાત્રી થવા માટે ત્રણથી છ માસ સુધી મેસાણા પાઠશાળામાં અથવા અન્ય અનુકુળ સ્થાને રાખવા અને પછી ત્રણે પ્રકારની યોગ્યતા જણાયે બનારસ મોકલવા.

ઉપર જણાવેલા કાર્યો કર્યા બાદ મીટીંગ બરખાસ્ત થઇ હતી. ત્યાર બાદ શ્રી મુંબઇમાં મળેલી બીજી જૈન કોન્ફરન્સમાં થયેલા ફંડો પૈકી કેળવણી સંબંધી ફંડમાંથી આ ખાતાને સારી રકમ મદદ તરિકે મળવાની આવશ્યકતા જણાવાથી **જૈન કોન્ફરન્સના જનરલ સેક્રેટરી** સાહેબો તરફ મોકલવાની એક અરજી તૈયાર કરીને તેમાં બધા મેમ્બરોની સહીઓ મંગાવવામાં આવી હતી. તેની અંદર **શેઠ વીરચંદભાઇ દીપચંદની** સહી થઇને આવતાં તે અરજી જનરલ સેક્રેટરીઓની મુખ્ય ઓફીસ તરફ (મુંબઇ) રવાને કરવામાં આવી હતી.

વીરમગામથી **વેણીચંદ સુરચંદ** સાથે શ્રી **મેસાણા** જવું થયું. ત્યાં **મુનિરાજશ્રી કર્પુરવિજયજી** જેઓ પૂરા આત્માર્થી છે અને જેઓ મુનિમંડળને એકત્ર કરવાના ઉત્તમ પ્રયત્નમાં મચેલા છે તેમના દર્શનનો લાભ મળ્યો.

## મેસાણા.

આ પણ યાત્રા કરવા લાયક શેહેર છે. ત્યાં ૧૦ જૈન મંદિરો છે. તેમાં સ્ટેશનના માર્ગમાં આવેલ બે જૈન મંદીરો કે જે એક કંપાઉન્ડમાં ભેળા છે તે તો ખરેખરા અપ્રતિમ અને ભવ્ય છે. તે મંદિરો માંહેની મૂર્ત્તિઓના દર્શનથી પરમ આલ્હાદ થાય તેવું છે. અહીં વેણીચંદભાઇના પ્રયાસથી **મુનિ રવીસાગરજી જૈન પાઠશાળાનુ** સ્થાપન ત્રણ વર્ષ થયા કરવામાં આવેલું છે. તેને માટે એક વ્યવસ્થાપક કમીટી, તેને લગતા મુખ્ય મુખ્ય ધારાઓ તથા તે સંબંધમાં બીજી કેટલીક યોજનાઓ ઘડી દેવામાં આવી અને તે ત્યાંના જે જે મેમ્બરો હતા તેમની તથા બહારગામના બે ત્રણ મેમ્બરોની સમક્ષ પસાર કરાવવામાં આવી.

મેસાણાથી ભોયણી તરફ જવું થયું. (માગશર સુદિ ૧૫)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ભોયણી.

**ભોયણી** જો કે અર્વાચીન તીર્થ છે અને તેની ઉત્પત્તિ સુમારે ૩૦ વર્ષથી થયેલી છે પરંતુ આધિષ્ટાયકની જાગૃતિ હોવાથી તેનો મહિમા ઘણો ફેલાયેલો છે. **શ્રી મલ્લીનાથજી** મહારાજનું દેરાસર ઘણુંજ રમણિક બાંધવામાં આવેલું હોવાથી યાત્રાળુઓને તેના દર્શનથી અતિશય આલ્હાદ થાય છે. આ તીર્થે આવવા માટે દેત્રોજ અને કટોસણ વચ્ચે ઘેલડા નામનું નવું સ્ટેશન ખોલવામાં આવ્યું છે. દેત્રોજ ને કટોસણથી ભોયણી દોઢ ગાઉ થતું હતું ત્યારે અહીંથી તે કરતાં અર્ધું થાય છે, મજુર ગાડી વિગેરે મળી શકે છે. આ તીર્થે ધર્મશાળાની સગવડ બહુ સારી છે. ત્યાંના કારખાનાની સંભાળ અમદાવાદવાળા **શેઠ જમનાભાઇ ભગુભાઇ** તથા **શેઠ સેનાભાઇ ચુનીલાલ** વિગેરે રાખે છે. તેનો હીશાબ નામું ઠામું વિગેરે તપાસતાં વ્યવસ્થા સારી છે. હાલમાં વાર્ષિક આવક સુમારે રૂ.૩૫૦૦૦) ની છે અને વાર્ષિક ખર્ચ સુમારે રૂ.૭૦૦૦) નો છે. દેરાસરજીનું કામ ચાલતુંજ છે. ઉપરાંત જીર્ણોદ્ધાર ખાતે અહીંથી સારો ખર્ચ કરવામાં આવે છે. શ્રી શંખલપુર, રાંતેજ વિગેરે અનેક ગામોના જીર્ણ મંદિરોના જીર્ણોદ્ધારમાં આજ સુધી સુમારે અઢીલાખ રૂપીઆ ખરચાણા છે અને અહીંના દેરાસરજીમાં દોઢલાખ ઉપરાંત ખર્ચવામાં આવ્યા છે. રીલક દોઢલાખ રૂપીઆ લગભગ છે તેનો મોટો ભાગ પ્રોમીસરી લોનમાં રોકવામાં આવેલો છે. સરવૈયાં વિગેરે તૈયાર રાખવામાં આવે છે અને ઉઘરાણી સંબંધી કામ પણ સુસ્ત નથી તેમ લાંબી રકમ ઉઘરાણીમાં રોકાતી પણ નથી. આ કારખાનામાં મુનિમ તરીકે **બાબુ ગીરધારીલાલજી** ઘણા વર્ષથી કામ કરે છે. તેઓ કર્મગ્રંથના તથા દ્રવ્યાનુયોગના પણ સારા અભ્યાસી છે. આ તીર્થની યાત્રાનો લાભ દર વર્ષે લેવા ઇચ્છા થયા કરે તેવું છે.

ભોયણી તીર્થની યાત્રાનો લાભ લીધા બાદ શ્રી શંખેશ્વરજીના અતી પ્રાચિન તીર્થની યાત્રાનો લાભ લેવાની ઇચ્છા થતાં શ્રી વીરમગામથી બેલ ગાડીમાં તે તરફ જવું થયું.

## શંખેશ્વરજી.

આ ઘણું પ્રાચીન તીર્થ છે. અહીં આવવા માટે રાંધણપુર, પાટણ, ભોયણી, વીરમગામ અને પાટડીથી જુદા જુદા રસ્તા છે. બધેથી લગભગ ૨૦ ગાઉ થાય છે. પાટડીથી ૧૫ ગાઉ થાય છે. ભોયણીથી જનારને મા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગમાં **શંખલપુર** અને **રાંતોજ**ની યાત્રાનો લાભ મળે છે. **વીરમગામથી** જનાર માંડલ રસ્તે જાય અને પાટડી દસાડા રસ્તે આવે તો માંડલ, પંચાસર, વડગામ, દસાડા, પાટડી, ઉપરીઆળા અને ગોરૈયાની યાત્રાનો લાભ મળી શકે છે. અમે એ રસ્તો પસંદ કરી વીરમગામથી પ્રથમ **માંડલ** ગયા, ત્યાં ૩ દેરાસર છે. તેના દર્શનનો લાભ લીધો. તેમજ **પન્યાસ શ્રી સિદ્ધિવિજયજી** ત્યાં હોવાથી તેમના દર્શનનો લાભ પણ મળ્યો. ત્યાંથી **પંચાસર** જઇને રાત રહ્યા. ત્યાં જુનું મંદીર બહુ નીચાણમાં પડી જવાથી તેમાંથી પ્રભુને ઉથ્થાપીને એક મકાનમાં પ્રાહુણા તરિકે પધરાવ્યા છે. નવું મંદિર બંધાય છે. પંચાસરથી પ્રાતઃકાળમાં નીકળી ત્રણ કલાકમાં **શ્રી શંખેશ્વરજી** પહોંચ્યા.

આ તીર્થ ઘણું પ્રાચીન છે, જુનું મંદિર જીર્ણ થવાથી નવું મદિર બાવન જિનાલયવાળું બેઠી બાંધણીનું બંધાવી તેમાં **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી**ને પધરાવેલા છે. આ બિંબ ગઇ ચોવીશીમાં **દામોદર** નામના તીર્થાધિનાથના શાસનમાં તેમના ઉપદેશથી પોતાના નિર્વાણના કારણભૂત શ્રી પાર્શ્વનાથજીને જાણી **અશાડી** નામના શ્રાવકે ભરાવેલા છે. જેને અસંખ્યાતો કાળ થઇ ગયેલ હોવા છતાં દેવ સહાયથી તે બિંબ અત્યાર સુધી વિદ્યમાન રહેલા છે. **ધરણેંદ્રે** પોતાના ભુવનમાં ઘણા કાળ પર્યંત તેની પૂજા ભકિત કરેલી છે. **શ્રી નેમિનાથ** ભગવંતના ગૃહસ્થાવાસમાં **જરાસંધ** પ્રતિવાસુદેવ સાથે કૃષ્ણ **વાસુદેવના** યુદ્ધમાં જ્યારે જરાસંધે કૃષ્ણના લશ્કર ઉપર જરા મુકી અને સર્વ સૈન્ય જરાથી પરાભવ પામેલાની જેવું વૃદ્ધ થઇ ગયું, હથીયારો હાથમાંથી પડી ગયા, ત્યારે કૃષ્ણે તેના નિવારણનો ઉપાય શ્રી **નેમિનાથ**ને પુછયો, એટલે તેમણે **ધરણેંદ્ર** પાસેથી **શ્રી પાર્શ્વનાથજી**ના બિંબનું ન્હવણ જળ મંગાવી છાંટવાનું બતાવ્યું. કૃષ્ણે અઠ્ઠમનો તપ કરી ધરણેંદ્રને આરાધ્યા. ધરણેંદ્રે પ્રગટ થઇ કારણ પુછતાં પાર્શ્વનાથજીના ન્હવણ જળની માગણી કરી. ધરણેંદ્રે કહ્યું કે 'તમારી પાસે પ્રગટપણે શ્રી નેમિનાથ તીર્થંકર છતાં તમારે ન્હવણ જળની શી જરૂર પડી ?' પછી કૃષ્ણની માગણીથી ધરણેંદ્રે પાર્શ્વનાથજીની પ્રતિમાજ ત્યાં લાવી આપી. તેનું ન્હવણ જળ છાંટવાથી જરા રાક્ષસી નાબુદ થઇ ગઇ, તેથી હર્ષ પામી કૃષ્ણે શંખ પૂર્યો. તે ઉપરથી તે પ્રતિમાનું નામ **શંખેશ્વર પાર્શ્વનાથ** પડયું. ત્યાં કૃષ્ણે એક શહેર તેજ નામથી વસાવ્યું. અત્યારે **શંખેશ્વર** ગામ છે તે તેજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાનકે છે કે નહીં તે ચોકસ કહી શકાતું નથી પણ પ્રતિમાજી તો તેજ છે એવો નિર્ણય છે.

આ બિંબ જીર્ણ હોવાથી તેને વારંવાર લેપ કરાવવામાં આવે છે. હાલમાં લેપ કરનાર કારીગર બહુજ હુંશિયાર મળેલો હોવાથી પ્રતિમાજી એવા તો અદ્‌ભુત શોભે છે કે તેનું વર્ણન થઇ શકે એમ નથી. આ તીર્થની યાત્રા કરવાની અમે સર્વે જૈન બંધુઓને ખાસ ભલામણ કરીએ છીએ. અહીંની યાત્રા કરતાં અવશ્ય પરમ આલ્હાદ થાય તેમ છે. દેરાસરજી પણ બહુજ ભવ્ય, વિશાળ અને સુશોભિત છે. તેના ગઢની બહાર ફરતી ધર્મશાળા છે. યાત્રાળુઓને રહેવાની સારી સગવડ છે.

અહીંના કારખાનાનો વહીવટ ઘણા વર્ષથી **શ્રી રાધણપુરવાળા શેઠ શીરચંદ સાંકળચંદ** કરતા હતા. તેમણે તેમના વહીવટમાં બહુજ ગોટાળો કર્યો છે. ત્યાંથી રાધનપુર જે દ્રવ્ય લઇ જવામાં આવ્યું તેનું નામુંજ માંડ્યું નથી. રાધનપુરથી મોકલવામાં આવ્યું તે કારખાનાના ચોપડામાં પોતાના નામપર જમે કર્યું છે. વહીવટ સોંપી દેવાનું કહેતાં કહેતાં પોતે કાળધર્મ પામી ગયા પણ તેની સીલક જે પોતાના કબજામાં રાધનપુર ખાતે છે તે સોંપી નથી. તેમના પુત્રાદિ કુટુંબીઓને અમારી ખાસ ભલામણ છે કે તેમણે પોતાના કુટુંબને આ કલંકથી મુક્ત કરવું.

હાલમાં સુમારે બે વર્ષથી આ તીર્થનું કારખાનું અમદાવાદ ખાતે સોંપવામાં આવ્યું છે. ત્યારથી તેની બ્યવસ્થા બહુ સારી ચાલે છે. ભોયણી તીર્થ સાથે આ તીર્થના કામકાજનું ઘણું ખરૂં જોડાણ કરી દીધું છે. કામકાજની પદ્ધતિ પણ તે પ્રમાણેજ જણાય છે. આ તીર્થે આવવા માટે ગાડી રસ્તો ૨૦ગાઉ જેટલો હોવાથી અને રેલવે થતાં બેલ ગાડીમાં બેસવાનું કાયરપણું થઈ જવાથી યાત્રાળુઓની સંખ્યા બહુજ કમી થઇ ગઇ છે પણ જૈન યાત્રાળુને તેમ કરવું ઘટીત નથી. પ્રાયે **'વિશેષ કષ્ટ ત્યાં વિશેષ લાભ'** હોય છે એમ સમજવું. અહીં હાલમાં વાર્ષિક ઉપજ સુમારે પાંચ હજાર રૂપીઆની છે. ખર્ચના સંબંધમાં નવી વ્યવસ્થા થયા પછી નકામો અને વધારા પડતો ખર્ચ નીકળી જવાથી બે હજાર લગભગનો ખર્ચ રાખવામાં આવ્યો છે. અહીંની નામા સંબંધી બધી વ્યવસ્થા તપાસતાં હાલમાં સંતોષકારક સ્થિતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહીં પ્રથમ દેરાસરની અંદરના ભંડાર વિગેરેમાં કેટલોક લાગો પૂજારીઓનો હતો. તે નવી વ્યવસ્થા થતાં તેમનું મન મનાવીને કાઢી નાખવામાં આવ્યો છે. પૂજારીઓ પગારદાર રાખવામાં આવ્યા છે અને તમામ ઉપજ ભંડાર ખાતેજ જાય છે. આ પ્રમાણે જ્યાં જ્યાં પૂજારીઓનો કાંઇ પણ લાગો હોય ત્યાં ત્યાં તેનો લાગો અળસાવી તેમને પગારદાર રાખવાની રીતી દાખલ કરવાની આવશ્યકતા છે. આવા લાગા વિગેરેના કારણથી આગળ ઉપર તેઓ હકદાર થઇ પડે છે. તે વખતે તેમને અળસાવવા તે બહુ ભારે થઇ પડે છે. **શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથજી**ના સંબંધમાં બનેલો તાજો દાખલોજ તેને માટે ધડો લેવા યોગ્ય છે. તેમજ પાલીતાણામાં શત્રુંજય તીર્થે ભાટ લોકો તરફથી જે ઉપદ્રવ સહન કરવો પડે છે તેનું પણ તેજ કારણ છે માટે જ્યાં જ્યાં એવા લાગા હોય ત્યાં ત્યાં હરેક પ્રકારે અળસાવવાની જૈન બંધુઓ પ્રત્યે અમારી ખાસ ભલામણ છે.

શ્રી શંખેશ્વરજી મહા તીર્થની યાત્રાનો લાભ લઇ પાછા વળતાં **વડગામ** દર્શન કરી **દસાડે** રાત રહી બીજે દિવસે **પાટડી** દર્શન કરી **ઉપરીઆળે** આવ્યા.

## ઉપરિયાળા.

**ઉપરીયાળા** પણ એક તીર્થ છે ત્યાં નાનું પણ રમણિક દેરાસર છે અને તેને લગતી મોટી ધર્મશાળા છે. આ દેહેરાસરજીમાં પ્રતિષ્ટા સંવત ૧૯૪૪ ના માહ સુદિ ૧૩ શે કરવામાં આવી છે; પણ તેમાં પધરાવેલા જિન બિંબો સંવત ૧૯૧૯ ના વૈશાક શુદિ ૧૫ મે ભૂમિમાથી નીકળ્યા છે. ભોયણી તીર્થ થયા અગાઉ આ તીર્થનો મહિમા વધારે વિસ્તરેલો હતો અને યાત્રાળુ પણ અહીં પુષ્કળ આવતા હતા. દેરાસરજીમાં મૂળ નાયકજી **શ્રી આદિશ્વર ભગવાન** છે અને તેમની બે બાજુએ **શ્રી શાન્તિનાથજી** અને **શ્રી પાર્શ્વનાથજી** છે. ત્રણે બિંબ સુવર્ણ સરખા રકત વર્ણના છે. બહુજ સુકોમળ ને સુંદર છે. દર્શન કરતાં પરમ આનંદ ઉત્પન્ન થાય છે. ચોથા બિંબ **શ્રી નેમિનાથજી**ના સ્યામ વર્ણવાળા છે. તેની બેઠકનો ભાગ જરા ખંડિત છે. ચારે બિંબ **સંપ્રતિરાજા**ના ભરાવેલા છે. પ્રતિમાજી નીકળ્યાબાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક પ્રકારના ચમત્કારો જણાયેલા છે. યાત્રાળુઓની ઉપજથી સુમારે રૂ. ૨૦૦૦૦) ઉપજેલા તેનું શિખરબંધ દેરાસર બંધાવવામાં આવ્યું છે.

આ તીર્થનો વહીવટ પ્રથમ બજાણાવાળા કરતા હતા પણ તેની સંભાળ બરાબર નહીં જણાવાથી **મુનિરાજ શ્રી ધર્મવિજયજીએ** તેની સંભાળ માટે **શ્રી વીરમગામ** નિવાસીઓની એક **ટોળી** (કમીટી) મુકરર કરી છે. તેઓ બહુ સારી રીતે સંભાળ રાખે છે. હાલમાં કામ ઘણું દીપતું છે. સદરહુ ટોળીવાળાઓ દરપૂર્ણીમાએ ઘણું કરીને ત્યાં દર્શનાર્થે જાય છે. આજુબાજુના માંડલ, પાટડી, બજાણા વિગેરે ગામોવાળાને પણ દરવર્ષે એકવાર જરૂર આવવાનો નિયમ આપવામાં આવ્યો છે આ તીર્થના સંબંધમાં **મુનિરાજ શ્રી ધર્મવિજયજીએ** ઘણો પ્રશંસા પાત્ર પ્રયાસ કરેલો છે. ફાગણ શુદિ ૮ નો મેળો મુકરર કરવામાં આવ્યો છે તે ઉપર દરવર્ષે સુમારે બે હજાર માણસો એકઠું થાય છે અને આંગી પૂજા સ્વામિ વાત્સલ્ય વિગેરે થાય છે.

ઉપરીઆળા વીરમગામથી માત્ર ૬ ગાઉ થાય છે. માર્ગમાં બે ગામ આવે છે તેમાં **ગોરૈયા** નામના ગામમાં દેરાસર પણ છે. બીજો રસ્તો રેલવે રસ્તે વીરમગામથી ઝુંડ સ્ટેશને ઉતરીને જવાનો છે. ઝુંડની રેલ ફી ૦)ના છે. ઝુંડથી ઉપરીઆળા માત્ર ગાઉ લગભગ થાય છે. આ તીર્થની યાત્રાનો લાભ લેવા માટે અમારી ખાસ વિજ્ઞપ્તિ છે.

અમે એ તીર્થની યાત્રા પૂજાનો લાભ લઈ માર્ગમાં ગોરૈયા ગામે દર્શન કરી વીરમગામ આવ્યા. અને ત્યાંથી માર્ગમાં રોકાતાં રોકાતાં ભાવનગર આવ્યા.

મરકી જેવા દુઃખકારક સમયમાં મરકીવાળું સ્થળ મુકી દેવાની જ્યારે ખાસ આવશ્યકતા સિદ્ધ થઇ ચુકી છે ત્યારે તેવે પ્રસંગે આવા અનેક તીર્થોની યાત્રાનો લાભ લેવાની તક ભૂલી જવા જેવું નથી.

ઇત્યલં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# मुनिने रेलमां बेसी शकाय एवी मतलबना जैन पत्रमां आवेला लेखनो प्रत्युत्तर.

## " विज्ञप्ति "

सर्व सज्जन पुरुषोंको ज्ञात होवे कि " जैनपत्र " में कितने ही अंकोंसे इस विषयिक लेख आरहे थे, बल्कि एक दफा जैन पत्रने एक शखसको जवाबभी दे दिया थाकि, इस विषयको अधिक चर्चना हम अच्छा नहीं समझते हैं. ऐसे जवाब देकर उसका लेख अपने पत्रमें नहीं लिया. पुनः अग्रीम अंकमें इसही बाबतका लेख आया. वोह खबर नहीं जिसको जवाब दे दिया था उसीका लेखथा, या किसी अन्यका, सो तो वोह आपही जाने. इस समय तक इस बावत कोइ अधिक ख्याल करनेकी आवश्यकता नहीं देखी गईथी, परंतु जब जैनपत्रका २२ मा अंक देखा तो दिलमें जरुर जोश पैदा हो गयाकि " जैनपत्र " जैनकी तरकी करनेका बेशक दावा करता है परंतु किसी किसी बातमें पक्षपातभी करता होवेगा ? अन्यथा २२ के अंकमें जो कुछ अपूर्व ज्ञान रैलके विहार बाबत छापा है न छापता. आपही बात ठंडी पड जाती. परंतु एकको मना करदेनी और एकको मना नहीं करनी यह न्याय क्या जाने न्यायरत्नके अकलके फव्वारोंमे से कोइ फव्वारा तो नहीं छूट गया है ? अस्तु ! मेरातो अधिकतर ख्याल इस बारेमें लेखनी उठानेका इसी खातर होया कि २२ के अंकमें कइएक महात्माओंके नाम लेकर भोले जीवोंको धोखा दिया गया है उसका निराकरण होजावे. तथा जिस गुरुकी आज्ञासे बाहिर होकर अपने छंदे एकाकी विहार करके उ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



नकी निंदा छपवानेसे अपने आपको नुकशान होता देखकर अब उन्हीं गुरु महाराजके शिष्यसे अपने आपको खोटा मशहूर कर रहाहै, सो मालूम हो जावे कि अमुक शख्स संघाड़ेसे बाहिरहै. इस वास्ते इसको महाराज श्री १००८ श्रीमद्विजयानंद सूरि ( आत्मारामजी ) महाराजका शिष्य मानना ऐसा है, जैसा कि कूलवालकको निजगुरुका शिष्य मानना ? अगर यह महाराजजी साहिबका शिष्य है तो श्री महाराजजी साहिबके अन्य शिष्योंकी तरह क्यों नहीं विचरता है ? तथा विद्यमान् सूरि महाराजको क्यों नहीं कबूल करताहै ? जेकर करताहै तो श्री १००८ श्री कमल विजय सूरि महाराजजी इस बातको प्रसिद्ध करवा देवें कि अमुक शख्स हमारी आज्ञामें है, इसको अब बाहिर नहीं समजना. जब तक यह बात न होवे तब तक चाहे कितनाही अपने आपको गुरु महाराजका भक्त जाहिर करे सज्जन पुरुष इस बातको कभी न मंजूर करे. इतना लिखनेका सबब यहहै कि यह अपने आपको उन महात्माका नाम लेकर प्रसिद्ध करना चाहताहै, और भोले लोक समझ जाते हैंकि यह महाराज श्री आत्मारामजी आनंद विजयजीका शिष्य है तो जो कुछ कहता है ठीकहीहै. सो आज पीछे सबको ज्ञात होजावेगा कि यह श्री महाराजजी साहिबका शिष्य नहींहै. क्योंकि चौदह वर्ष होगये इसको श्री महाराजजी साहिबने अपने समुदायसें अलग कर दियाहै. इस वास्ते इसके किये किसी अनुचित कार्यका बट्टा महाराज श्री आत्मारामजी के, या उनके किसी साधुके जुमे हरगीज नहीं समझना.

विशेष महाराज श्री आत्मारामजीके बारेमें भी अंक २२ मे थोडीसी लेखनी गंदी करीहै उसके निराकरण वास्तेभी यह

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रयास फलीभूत समझा जाताहै. साथमें इस लेख के लिखनेसे कितनेक साधु तथा श्रावकों की प्रेरणाभी सफलताको प्राप्त हुई समझी जातीहै. इति दिक् किम्बहुना आत्मार्थिपुरुष समुदायेषु ॥

श्रीसंघका दास–
मुनि वल्लभ विजय
अंबालाशहर–पंजाब–

॥ ॐ ॥

## नमःश्रीपरमात्मने

## "चतुर्विध श्री जैन संघसे प्रार्थना"

रविवार ता. १३ सीतंबर १९०३ अंक २२ के जैनपत्रमें [न्यायलीन मुनिरत्नोको रैलमे बैठनेका खुलासा ] इस हैडिंगका एक आर्टिकल मेरे देखनेमें आया. सखत अफशोस हुआ कि देखो जगतमें कैसे कैसे विचित्र अभिप्रायके मतलबी जीवहैं जोकि शास्त्रोंको खींच खांचके अपनेही मतलबकी सिद्धि वास्ते शस्त्र रूप बनादेतेहैं. यद्यपि मैं जानताहूं कि इस शखसको हित शिक्षा फलदायी नहीं होवेगी और न इसने किसीका कहना मानना भीहै क्योंकि जब जिस गुरुकी ओटमें अपने आपको मशहूर करना चाहता है उसी गुरुकी हित शिक्षा मानी नहीं उनकी ही आज्ञा मंजूर न करी तो मेरे सरीखेकी बात कौन मंजूर करताहै ? यहभि निश्चय प्रायःहै कि इस लेखको देखकर मेरे विषयमें अपनी लेखनी उठावेगा परंतु इस बातकी मुझे कोइ परवाह नहींहै क्यों-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कि जब यह अपने परमोपकारी सद्गुरुकी निंदा लिख चुकाहै तो मैं किस गिनतिमें हूं ?

महाराज श्री १००८ श्रीमद्विजयानंद सूरि (आत्मारामजी) महाराजकी बाबत जो कुछ कर्त्तूतें इसने करीहैं गुजरात, काठीयावाड, मारवाड, पंजाब और बंगालादि देशोंके श्रावक लोक प्रायः सर्व जानते हैं और अहमदाबाद, जयपुर, लश्कर, आग्रा, कलकत्ता वगैरह ठिकाने जो कुछ उपकार किया है वहांके लोक प्रायः जानतेही हैं अगर नहीं भी जानतेहैं तो वोह करने वाला खुद आपतो जानताही है. इसीवास्ते जबसे श्रीमहाराज श्री १००८ श्रीमद्विजयानंदसूरि आत्मारामजी महाराजने इसको अपने समुदायसे पृथक् करादया है तबसे इसके साथ कोइ प्रकारका व्यवहार नहीं रखा गयाहै. सत्यहै " जाना नहीं जिस गाम क्या लेना उसका नाम " अपने छंदे कोइ मरजीमें आवे सो करे उसको कौन रोक सकताहै ? बस शिरपर किसीका अंकुश न रहा जो दिलमें आया कर लिया अपने मतलबको सिद्ध करने वास्ते कहींका पाठ कहीं जोड दिया नीतिका वचन है कि अर्थी ? (मतलबी) पुरुष दोषको नहीं देखताहै—यतः—

न पश्यतिहि जात्यंधः। कामांधो नैव पश्यति ॥
न पश्यति मदोन्मत्तो। दोषमर्थी ? न पश्यति ॥ १ ॥

तात्पर्य इस श्लोकका यह है कि—अंधा, कामी, मदोन्मत्त और मतलबी येह चार शखस दोषको नहीं देखते हैं. इसी तरह न्यायरत्न बडे बडे पुरुषोंके नाम लेकर उनकी आडमे अपना जारी किया नया कानून प्राचीन सिद्ध करनेका धोखा दे रहाहै परंतु इस धोखेमें विना उनके रागी मतलबीयोंके और कोइभी नहीं आवेगा. खूब याद रखना कि विना कुल साधु और श्री-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



संघके मंजूर किये अकेलेके स्वच्छंदतासे निकाले कानूनको सर्वत्र सर्वथा मान्यता न होगी.

मेरा इरादा वादानुवादमें ऊतरनेका नहींहै किंतु फकत न्यायरत्नके लिखे नामोंमेसे कितनेकका संक्षेपसे यथास्थित ब्यान लिखनेकाहै, जिससे चतुर्विध श्रीसंघको जाहिर होजावेगा कि इसमें सत्य सत्य बात क्या है और न्याय रत्नने किस तर्फ खींच लीहै.

प्रथमतो तीर्थंकर श्रीमहावीर स्वामी, श्रीमुनिसुव्रत स्वामी, तथा श्री विश्नुकुमारमुनि, श्रीस्थुलभद्रस्वामी, श्रीवज्रस्वामी वगैरहके दृष्टांत दियेहैं सो वोह तो आगमव्यवहारी थे० उन्होंने जो काम किया सो औरोंनेभी करना यह जैनशास्त्रकी शैलि नहींहै किंतु उन्होंने जो आज्ञा फरमाइ उसका पालन करना औरोंका जरूरी फरजहै यह जैन शैलिहैं. विश्नुकुमारने जो काम किया सो कैसे मौक्येपर आकर कियाहै उसका वृत्तांत प्रायः सबको रोशनहै. क्या रैलमे सवार होनेके वास्ते कोइ एसा मौक्या आवना है?

श्रीवज्रस्वामीके नामसे धोखा देना यहभी बिहुंदा कामहै. श्रीआवश्यकसूत्रकी श्रीहरिभद्र सूरि महाराज विरचित्त टीकामें लिखा है कि–

जो साधु शतिल विहारी हो जातेहैं वोह शुभ ठिकाने जानेको असमर्थ होने से ऐसे कहने लग जातेहैं कि सांप्रत कालमें जो हमने अंगीकार किया है सोही ठीकहै इस बातपर दृष्टांत देतेहैं ॥ यथा कोइ सार्थ कहीं कहीं थोडा २ पानी और थोडी २ वृक्षकी छायावाले रस्तेमें प्राप्त हुआ वहां कितनेक आदमी थके हुए विरली विरली छायामें ऐसे वैसेही पानीमें प्रतिबद्ध हो-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कर रहने लगे और औरोंको बुलाने लगे कि यहां यही प्रधान है उस सार्थमें कितनेही पुरुषोंने यह बात सुनी और कितनेहीने नहीं सुनी जिन्होंने सुनी वोह क्षुधा तृषाके भागी हुए और जिन्होंने नहीं सुनी वोह शीघ्रही अप्रतिबद्ध होकर रस्तेको लंघके शीतल पानी और छायाके भागी हुए। जैसे वोह पुरुष सीदाए गये वैसे पासत्थादिक जानने. और जैसे वोह पार लंघ गये वैसे साधु जानने ॥ श्रीआवश्यक सूत्रका पाठ यहहै—

जे जत्थ जदा भग्गा। उवासं ते परं अविंदंता ॥ गंतुं तत्थ वयंता। इमं पहाणंति घोसंति ॥ ॥ व्याख्या ॥ ये साधवः शीतलविहारिणः यत्रानित्यवासादौ यदा यस्मिन् काले भग्ना निर्विन्नाः अवकाशस्थानं ते परं अन्यत् अविंदंतत्ति अलभमानाः गंतुं तत्र शोभने स्थाने अशक्नुवंतः किं कुर्वन्ति इमं पहाणंति घोसंति यदस्माभिरंगीकृतं सांप्रत कालमाश्रित्येदमेव प्रधानं इत्येवं घोषयंति ॥ दिट्ठंतो इत्थ सत्थेणं। जहा कोइ सत्थो पविरलो दकरुक्खच्छायं अद्धाणं पवत्तो तत्थ केइ पुरिसा परिस्संता पविरलासु छायासु जेहिंवा तेहिंवा पाणिएहिं पडिबद्धा अच्छंति अण्णेय सद्दावेंति इह इमं चेव पहाणंति तंमि सत्थे केइ पुरिसा सुणेंति केइ न सुणेंति जे सुणेंति ते छुहातण्हा इयाणं आभागी जाया जे न सुणेंति ते खिप्पामेव अप्पडिबद्धा अद्धाण सीसं गंतुं उदगस्स सीतलस्स छायाणं च आभागिणो जाया जहा ते पुरिसा विसीयंति तहा पासत्थादी जहा तेणिच्छिण्णा तहा साहू ॥

वज्रस्वामीका अवलंबन लेनेके वास्ते न्यायरत्नने लिखाहै कि "वज्रस्वामी धर्मकी तरक्कीके लिये फूलोंका विमान भरकर क्यों लाये? क्या मुनियोंको वनस्पतिका संघट्टा करना लाजिम था?" इस कहनेका तात्पर्य यह मालूम होताहै कि जैसे वज्रस्वामी फू-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



लोंको ले आये ऐसे मैं रैलकी सवारी करताहू परंतु इस बातका उत्तर शास्त्रकारने आप श्री आवश्यक सूत्रमें दियाहै देखो—

श्री आवश्यक सूत्रमें लिखाहै कि—मंदधर्मी श्रीवज्रस्वामीकी निश्रा करके अकृत्य असंयम सेवन करतेहैं परंतु वोह मंदबुद्धि श्रीवज्रस्वामीका आलंबन लेते हुए यह नहीं देखतेहैं कि वोह मौक्या कैसा था ? उस दिव्य पूजाके करनेसें बौद्धोंकी अपभ्राजना हुइ, स्वतीर्थकी महिमा हुई और श्रावकोंकी वत्सलता हुई इन बातोंही तो आलंबन गिनते हुए गिनती ही नहीं करतेहैं फकत फूलों का लानाही गिनतीमें गिनतेहैं॥ श्री आवश्यक सूत्रका पाठ यहहै॥

चेइय कुल गणसंघे । अण्णंवा किंचि काऊ निस्साणं ॥ अहवावि अज्जवइरं । तो सेवंती अकरणिज्जं ॥ व्याख्या ॥ चैत्यकुलगणसंघं अन्यद्वा किंचिद्गुरुमव्यवच्छित्यादि कृत्वा निश्रां कृत्वा लंबन मित्यर्थः॥कथं नास्ति कश्चिदिह चैत्यादि प्रतिजागरकः॥अतोऽस्माभिरसंयमो गीकृतः॥ माभूच्चैत्यादिव्यवच्छेद इति ॥ अथवाप्यार्यवैरं कृत्वा निश्रां ततः सेवंते अकृत्यं असंयमं मंदधर्मा इति गाथार्थः॥

चेइयपूया किं वइरसामिणा मुणियपुव्व सारेण । न कया पुरियाए ततो मोक्खंगं सावि साहूणं ॥ व्याख्या ॥ अक्षरार्थः सुगमः भावार्थः कथानकादवसेयस्तच्चाग्रः कथितमेव । तत्र वैरस्वामिनमालंबनं कुर्वाणा इदं नेक्षंते मंदधियः किमित्याह ॥ ओभावणं परेसिं । सतित्थउब्भावणं च वच्छल्लं ॥ न गणंति गणे माणा । पुव्वुच्चिय पुप्फ महिमंच ॥ दारं ॥ व्याख्या ॥ अपभ्राजना लांछना परेषां शाक्यानां स्वतीर्थोद्भावनं च दिव्य पूजाकरणेन तथा वात्सल्यं श्रावकाणामेतत्सगणयंत्यालंबनानि गणयंतः संतः तथा पुव्वावचिय पुप्फमहिमानं च गणयंतीति पूर्वावचितैः प्राग्गृहीतैः पुष्पैः कुसुमैः महिमा यात्रा तामिति गाथार्थः॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पूर्वोक्त श्री आवश्यक सूत्रके पाठसे सुज्ञ वाचकवृंदको साफ साफ जाहिर होजावेगा कि न्यायरत्नका निजकार्यकी सिद्धिके वास्ते कितना बडा भारी सूत्रविरुद्ध विचार हो रहा है ? और वोह अनजान लोकोंको किस कदर अपनी मनः कल्पित रैलकी जालमें फसानेकी चालाकी दिखाता है ! !

न्यायरत्न—कालिकाचार्य धर्मके लिये गर्दभिल्ल राजाके सामने लडाईमें सामिल हुवे क्या तुमारे हिसावसे मुनियोंको लडाइ मे सामिल होना लाजिम था ? इस प्रकारकी धमकी देकर अपना रैलमें बैठना सिद्ध करना चाहता है परंतु कालिकाचार्यने जैसे लाचार होकर यह काम किया और इस कामका आखीरी नतीजा क्या निकला जिसका कोइ ब्यान नहीं दिया. सिर्फ लोकोंको धोखेमें डालनेके लिये लिखमारा कि कालिकाचार्यने लडाइ करी क्या कालिकाचार्यके लिये धर्मकृत्यकी बराबरी न्यायरत्न कर सकताहै ? हरगिज नहीं बराबरी तो क्या करनी है मगर लक्ष क्या कोटी हिस्सेकी भी तुलना नहीं कर सकताहै. कालिकाचार्य तो युग प्रधान, जिनशासनके प्रभावक, सर्व संघमें मान्य, परम पूज्य होगए जिसकी प्रवृत्त करी चौथकी संवत्सरी अद्यापि जिन शासनमें मानी जाती है. तथा जिनके बारेमें इंद्रके पूछनेसे महा विदेह क्षेत्रमें श्रीसीमंधर स्वामीने अपने मुखसे फरमाया कि हे इंद्र ! इस समय भी भरतक्षेत्रमें जैसे मैंनें सूक्ष्म निगोदका स्वरूप कथन कराहै ऐसे ही कथन करने वाला कालिकाचार्य है. सोपाठ यहहै तं सोऊण सुरिंदो । विम्हिय उप्फुल्लोयणो एवं ॥ सिरि कयकयं जलिउडो । जंपइ परमेण विणएण ॥ भयवं भारहवासे। इय सुहूम निगोयवण्णणं जाउं ॥ किं मुणइ सोवि संपइ । निराति एक दूकमाकाले ॥ तो भणइ किणो । सुरवइ कालयसूरि निगोय वरकाणं ॥ भरहांमि मुणइ सज्जवि । जह वरकायं मए तुम्ह ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पाठकवृंद! जरा ख्याल करना चाहिये कि जिसकी तारीफ साक्षात् तीर्थंकर भगवान्ने समवसरणके बीच द्वादश पर्षदाके आगे करी उनकी बरावरी जिसमे सम्यक्त्वकी भी भजना है किसी कदरभी कर सकता है? नहीं कदापि नहीं. श्री उपदेश मालामें लिखा है कि–स्वच्छंदपने चलनेवाला और गच्छको छोडकर एकला रहनेवाला ऐसा जो साधु उसको धर्मकी प्राप्ति कहांसे होवे? अपितु न होवे. एकेला साधु क्या तप वगैरह कर सक्ता है? अपितु नहीं कर सक्ता है. अथवा एकेला साधु अकार्यको परिहरनेमें कैसे समर्थ होवे? कदापि न होवे. पाठ यह है–

इक्कस्स कओ धम्मो । सच्छंदमइ गइप्पयारस्स ॥
किंवा करेइ इक्को । परिहरिउं कहमकज्जंवा ॥ १५६ ॥

तथा उपाध्यायजी श्री श्री १०८ श्री यशोविजयजी महाराज कृत ३५० गाथाके स्तवनमेंभी लिखा है कि–

एकाकीने स्त्री रिपु श्वानतणो उपघात ।
भिक्षानी न विशुद्धि महाव्रतनो पण घात ॥
एकाकी सच्छंदपणे नवि पामे धर्म ।
नवि पामे पृच्छादिक विण ते प्रवचन मर्म ॥ ७ ॥

इसका अर्थ जैसा श्री १०८ श्री पद्मविजयजी महाराजने लिखा है वैसाही यहां लिखा जाता है.

अर्थ–जे एकाकी विहार करे तेने स्त्रीनो तथा रिपु के० शत्रुनो अने श्वान के० कुतरानो उपघात थाय तथा भिक्षा पण दोष सहित लिये तो तेने कोण निषेध करे माटे भिक्षानी शुद्धि पण न रहे तथा महाव्रतनो पण अनुक्रमे घात थाय ॥ गाथा ॥

दुट्ठ पसुसाण साव्रय इच्छीभिख्खाइ दोस दुल्लहिओ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वयघाइ धम्मघाइ तम्हा रम्मो न एगागी ॥ १ ॥
इति पिंडनिर्युक्तौ–तथा ॥
एगागियस्स दोसा इच्छीसाणे तहेव पडिणीए ।
भिख विसोहि महव्वय तम्हा स विइज्जए गमणं ॥ १ ॥
इति धर्मरत्नवृत्तौ ॥

जे एकाकी विहार करे ते स्वच्छंदपण विचरे पोताने मते उपज्युं ते खरुं पण गुरु आज्ञानी अपेक्षा न रहे. ते माटे जे स्वमति कल्पनावंत ते धर्म न पामे–यतः–

इक्कस्स कओ धम्मो सच्छंदमइगइप्पयारस्स ॥ इत्युपदेशमालायाम् ॥ तथा जे एकाकी होय ते पृच्छा के० वांचना पृच्छनादिक ते पण गुरु विना न पामे अने ते विना प्रवचन के० सिद्धांत तेनो मर्म जे रहस्य ते केम पामे–यतः–

कत्तो सुत्तत्थागम पडिपुच्छणचोयणा वा इक्कस्स । विणओ वेयावच्चं आराहणा व मरणंते ॥ १ ॥ इत्युपदेशमालायां ॥ ७ ॥

सुमति गुपति पण न धरे एकाकी निःशंक । भाव परावर्ते आलंबन धरे सपंक ॥ जुदा जुदा थातां थविरकल्पनो भेद । डोलाए मन लोकनां थाये धर्म उच्छेद ॥ ८ ॥

अर्थ–सुमति के०ईर्यासुमति प्रमुख पांच सुमति तथा मनादि त्रण गुप्ति ते पण न धरे के० न पामी शके केमके जे एकाकी विहार करनार होय ते निःशंक होय कोइनी शंका न राखे एटले अकार्य करवानुं चित्त थाय तो कोइनी शंका न धरे सुखे अकार्य करे ॥ गाथा ॥

पिक्खिज्जेसणमिक्को पइन्न पमया जणाओणिच्चभयं ॥ काउमणोवि अकज्जं न तरइ काऊण बहुमज्झे ॥इत्युपदेशमालायां.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तथा चित्तना अभिप्राय ते भाव कहीये ते भावनुं जे परावर्त्तन के० पलटावनुं तेणे करी जेवा पोताना अभिप्राय थाय तेवुं कांइक आलंबन पामीने तत्काळ ते आलंबन धरे के० अंगीकार करे ते आलंबन केहवुं होय ते कहेछे सपंक के० मेलुं होय एटले ए भाव जे चित्तना अध्यवसाय तो क्षणे क्षणे पलटाय छे ते चित्तना अभिप्राय कोइक अवसरें हीणा थाय अने निमित्त पण तेवुंज मले ते वारे पोते पण तेवोज थाय—यतः—

एगइवसेणवहुआ सुहाय असुहाय जीव परिणामा ॥ इक्कोय सुहपरिणओ चइज्ज आलंबणं लद्धुं ॥ १ ॥ आलंबन हीणुं पामीने चइज्ज के० संयमने छांडे इत्युपदेशमालायां ॥ वली एक जणे एकलो विहार कीधो एटले बीजाने पण एकला विचरवानुं मन थाय तेमज त्रीजो तथा चोथो इत्यादिक जुदा जुदा थातां एटले अवस्था न रहे तथा थिवरकल्पनो भेद थाय एटले आपगतें कोइक क्रिया एक रीतें करे कोइक बीजी रीतें करे एम भिन्न भिन्न थाय तेथी लोकना मन डोलाय जे अमुक साधु करे छे ते खरुं छे के अमुक साधु करे छे ते खरुं छे ? इत्यादिक विकल्प लोकने उपजे तेथी धर्मनो उच्छेद थाय कोइ उपर प्रतीत रहे नहीं ते वारें लोक मूलगो धर्मज मूकी आपे ॥ गाथा ॥ सव्वजिणंपडिकुट्ठं अणवत्था थेरकप्पभेओय ॥ इत्युपदेशमालायाम् ॥

प्रसंगोपात पूर्वोक्त वर्णन लिखके अब श्री कालिकाचार्यका लडाई संबंधि थोडासा वर्णन लिखा जाताहे जिससे धर्माभिमानी पुरुषोंको ज्ञात होजावेगा कि श्री कालिकाचार्यके कार्यमें और न्यायरत्नकी रेलकी शैरमें कितना भारी अंतर है ?

उज्जयिनी नामा नगरीमें भव्यजीवोंको प्रतिबोध करते हुए कितनेक दिन व्यतीत होए. इतनेमे भवितव्यताके वशसें वहां

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



साध्वीयां आगई. तिनमें एक सरस्वती नामा अत्यंत खूबसूरत श्री कालिकाचार्यकी बहिन साध्वीथी. स्थंडिल गई हूई उस साध्वीको उस नगरीके राजा गर्दभिल्लने देखी, देखतेही सार कामातुर होकर–हा सुगुरु! हा भाइ! हा प्रवचनके नाथ कालिकाचार्य! चारित्ररूप धनके हरनेवाले इस अनार्य राजाके पासो मेरी रक्षा कर–ऐसे पुकार करतीहुई साध्वीको जोरावरी लेजाकर राजाने अपने अंतेउरमें स्थापन करदी.

श्री कालिकाचार्य महाराजने यह बात जानके राजाको कहा कि हे महाराज! उत्तम प्रमाणोंसे यत्नपूर्वक प्रमाणोंकी–दर्शनोंकी रक्षा होती है. जब वोही प्रमाण विसंस्थुल होजावे तो प्रमाणोंका विनाश होता है. राजन्! तपोवनकी रक्षा राजासें होती है. शास्त्रोंका कथन है कि–राजाकी भुजारूप छायाका आश्रय लेकर साधु लोक सुखे सुखे निर्भय होकर अपने धर्म कार्योंको निरंतर करते हैं. इस वास्ते इसको विदा कर. अपने कुलमें कलंक मत पैदा कर–कहाहै कि–जिस किसी पुरुषने परस्त्रीका हरण कियाहै, जिसका मन परस्त्रीमें आसक्त है, वोह शीघ्रही जगतमें अपने आपको हलका करदेता है. संग्राममे उसकी जय नहीं होतीहै. अपन गोत्रको वोह कलंकित करदेता है, अपन चरित्रको मलिन करदेता है. उसने अपना सुभटपणा खो दिया. जगतमें अपजसका ढोल बजवा दिया. और अपने कुलपर श्याहीका कूचा फिरादिया–इसवास्ते हे महाराज! जूठी काकके मांसकी पेशाके समान ऐसा विरुद्ध काम करना तुझको उचित नहीं है.

राजाने कामातुर होनेसे और विपरीत बुद्धि होनेसे सूरिमहाराजका किंचिन्मात्र भी नहीं माना. क्योंकि जगतमें अंधा

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आदमी आगे पडी वस्तुको नहीं देखता है. परंतु रागांध पुरुष तो विद्यमान वस्तुको त्याग के अविद्यमान को देखता है. जिस कारणसे अशुचिसे भरे हुए ऐसे स्त्रीके शरीरमें–कुंदके फुल समान दांत, कमलके समान नेत्र, पूर्ण चंद्रमाके समान मुख, सोनेक कलश समान स्तन और शोभायुक्त लतापल्लव समान हाथ पैर– इत्यादि आरोपँ करके खुशी होता है. पुनः सूरि महाराजने कहा हे राजन् तूं इस साध्वीको छोड दे, अन्याय न कर. तेरे अन्यायमें प्रवृत्त होए और कौन न्यायवान् होता है ? ऐसे कहने परभी जब राजाने कुछभी नहीं माना तो श्री कालिकाचार्यने चतुर्विध श्री संघसे राजाको कहाया. जब उसने श्री संघकाभी कहना किसी प्रकार नहीं माना तब क्रोधके वश होकर श्रीकालिकाचार्यने ऐसी घोर प्रतिज्ञा करी कि जो मैं इस भ्रष्ट मर्यादा वाले गर्दभिल्ल राजाको राज्यसे उन्मूलन न करूं तो जिस गति को संघके प्रत्यनीक, प्रवचनके नाश करनेवाले, संयमके नाश करनेवाले तथा उनको उपेक्षा करनेवाले प्राप्त होवे उस गतिको मैं प्राप्त होउं ॥

और इस समय यह काम जरूरही मुझे करना योग्य है क्यों कि आगममें कहा है कि सामर्थ्यके होते हुए आज्ञा भंग करने वाले पर उपेक्षा नहीं करनी किंतु प्रतिकूलको शिक्षा देनी योग्य है । तथा साधुके और चैत्यके प्रत्यनीक अवर्णवादके बोलने वाले और प्रवचनके अहितकारी इन सर्वको अपना जितना सामर्थ्य होवे उतना लगाकर हटा देवे ॥ इस वास्ते पूर्वोक्त प्रतिज्ञा करके पीछे श्री कालिकाचार्यने शोचाकि यह गर्दभिल्ल राजा गर्दभी विद्याके प्रभावसे अति बलवान है, इस वास्ते किसी उपाय करके इसको उन्मूलन करना योग्य है. ऐसे विचारकर कपट करके

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



उन्मत्तका वेष बना लिया, और त्रिक, चतुष्क, चत्वर, महापथ आदि स्थानोंमें ऐसे प्रलाप करता हुआ फिरने लगा।

जेकर गर्दभिल्ल राजा है तो इससे परे क्या? यदिवा रमणीक अंतेउर है तो इससे परे क्या? यदिवा देश रमणिक है तो इससे परे क्या? अथवा नगरी सुंदर है तो इससे परे क्या? यदिवा लोक भले वेषवाले हैं तो इससे परे क्या? जेकर मैं भिक्षाटन करता हूं तो इससे परे क्या? यदिवा मैं शून्य घरमें सोता हूं तो इससे परे क्या? इत्यादि असंबद्ध प्रलाप करते हुए आचार्यको देखकर नगरके लोक कहने लगे कि अहहा! राजाने यह काम योग्य नहीं करा! अहो कष्टम्! गुणोका निधान यह कालिकाचार्य अपनी बहिनके निमित्त अपने गच्छको छोडकर नगरीमें उन्मत्त (बावला) हुआ फिरता है!

गोपाल बाल ललना औरत आदि सर्व लोक के मुखसे ऐसी कठोर निंद्याको सुनकर मंत्रियोने राजाको समझाया कि हे देव! ऐसा काम मत करो. इस साध्वीको छोडदो. तुमारा बडा भारी अवर्णवाद होताहै. मोहसे मोहित होकर जो प्राणी गुणी जनको अनर्थ करताहै सो प्राणी निश्चय अपने आपको अनर्थोंके समुद्रमें गेरताहै. पर्वोक्त मंत्रि वचनको सुनकर रोषमें आकर राजाने जवाब दियाकि–रे रे! ऐसी शिक्षा जाकर अपने बापको देओ?? यह सुनकर मंत्रि चुप कर गये.

किसी प्रकारसे इस बातको जानके कालिकाचार्य नगरीमेसे निकलगया, और क्रमसे शक कुलको जामिला इत्यादि॥

सदरहु पाठ नीचे मूजिब है॥

एवं च भवियकमल पडिबोहण पराणं जाववोलंति कइवि

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वासरा ताव भविय व्वयानिओगेण समागयाओ तत्थ साहुणी-ओ ताणं च मज्झे सरस इव्व पोत्थिया वग्गहत्था नयाकुलीणा। गोरिव्व महातेयन्निया नय भवाणुरत्त चित्ता । सरयकालनइव्व सच्छासया नय कुग्गाहसंजुया। लच्छिव्व कमलालया नय सकामा । चंदलेहव्व सयल जणाणंदयारिणी नय वंका । किंब हुणा गुणेहिं रूवेणय समत्थनारी जणप्पहाणा साहुणी किरिया कलावुज्जया कालयसूरि लहुय भगिनी सरस्सइ नाम साहुणी वियार भूमीए निग्गया समाणी दिट्ठा उज्जेणी नयरीसामिणा गद्दाभिल्लराइणा अज्झोववण्णेणय ॥ हासुगुरू ? हासहोयर ? हा-पवयण नाह कालयमुणिंद ? चरण धणं हीरंत मह रक्ख अण-ज्ज नरव इणा । इच्चाइ विलवंती अणिच्छमाणी बला मोडीए छूढा अंतेउरे। तंच सूरिहिं नाऊण भणिओ जहा महाराय। प्रमाणानि प्रमाणस्थै रक्षणी[illegible]नि यत्नतः। विषीदंति प्रमा-णानि प्रमाणस्थै र्विसंस्थुलैः ॥ १ ॥ किंच । रायरक्खियाणि तवोवणाणि हुंति । यतः । नरेश्वर भुजच्छाया माश्रित्या श्रमिणः सुखं ॥ निर्भया धर्मकार्याणि कुर्वते स्वान्य नंतरम् ॥ १ ॥ तो वि-सज्जेहि एयं मा निय कुलकलंक मुप्पाएहि । यतउक्तम् । गुत्तु गंजिदु मलिदु चारित्तु सुहडत्तणु हारविदु अयस पडहु जागि सय-लि भामिदु मसिकुच्चओ दित्तु कुलि जेण केण परदारहिं सिदु अन्नत्थी आसत्तमणा जइत्ति लहुं करेंति तहसंगामि महब्भडह क-रवका न वहंति ॥ १ ॥ ता महाराय उचिट्ठकायपि सियंव विरु-द्धमेयं । तओ कामाउरत्तणओ विवरीयमइत्तण ओय न किंचि पडिवन्नं राइणा ॥ यतः ॥ दृश्यं वस्तु परं न पश्यति जगत्यंधः पु-रोव स्थितं । रागांधस्तु यदास्ति तत्परिहरन् यन्नास्ति तत्पश्यति ॥ कुंदेंदीवर पूर्ण चंद्रकलश श्रीमल्लतापल्लवा नारोप्याशु चिराशिषु

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रियतमागात्रेषु यन्मोदते ॥ १ ॥ ता मुंच राय एयं तवस्सिणं मा करेहि अन्नायं । तइं अन्नाय पवत्ते कोवण्णो नायवं होइ । एवं भणिओ राया पडिवज्जइ जाव किंचि नो ताहे । चउविह संघेण तओ भणाविओ कालगज्जेहिं । संघोवि जाव तेणं न मन्निओ कहवि ताव सूरिहिं । कोववस मुवगएहिं कया पयन्ना इमा घोरा ॥ जे संघपच्चणिया ॥ पवयणउवघायगा नरा जेय ॥ संजमउवघाय परा । तदुविक्खाकारिणो जेय ॥ तेसिं वच्चामि गइं । जइ एयं गद्दभिल्लरायाणं ॥ उम्मूलेमि न सहसा । रज्जाओ भट्ठ मज्जायं ॥

कायव्वं च एयं जओ भणियमागमे-तम्हा सइ सामत्थे । आणाभट्ठंमिनो खलुउवेहा ॥ अणुकूलेयरएहिय । अणुसिट्ठी होइ दायव्वा ॥ तथा ॥ साहूण चेइयाणय । पडणीयं तह अवन्न वायंच ॥ जिणपवयणस्स अहियं । सव्वत्थामेण वारेइ ॥ तओ एवं पइन्नं काऊण चिंतियं सूरिहिं जहेस गद्दभिल्लराया महाबलपरक्कमो गद्दभीए महा विज्जाए बलिओ ता उवाएण उम्मूलेयव्वोत्ति सामत्थेऊण कओ कवडेण उम्मत्तयवेसो तियचउक्क चच्चरमहापहट्ठाणेसुय इमं पलवंतो हिंडइ ॥ यदि गर्द्दभिल्लो राजा ततः किमतः परम् । यदिवा रम्यमंतःपुरं ततः किमतः परम् । विपयो यदिरम्यस्ततः किमतः परम् । सुनिविष्टा यादिवा पुरीततः किमत परम् । यदिवा जनः सुवेषस्ततः किमतः परम् । यदिवा करोमि भिक्षाटनं ततः किमतः परम् । यदिवा शून्यगृहे स्वप्नं करोमि ततः किमतः परम् । इय एवं जंपंतं सूरिं दट्ठूण भणइ पुरलोगो । अहह न जुत्तं रन्ना कयं जओ भगिणीकज्जंमि । मोत्तूण नियगच्छं हिंडइ उम्मत्तओ नयरीमज्झे । सयलगुणाण निहाणं कट्ठमहो कालगायारिओ । गोवालबाललल्लणाइसयल लोयाओ एवमइ फरुसं । सोऊण निंदणं पुरवरीए नियसामि सा•

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



लस्स । मंतीहिं तओ भणियओ नरनाहो देव मा कुणह एअं । मुयसु तवस्सिणी मेयं अवण्णवाओ जओ गुरुओ । किंच गुणीण अणत्थं जो मोहविमोहितो नरो कुणइ । सोणत्थ जलसमुद्दे अप्पाणं खिवइ धुवमेयं । तं मंतिं वयणमायण्णिऊण रोसेण भणइ नरनाहो । रे रे एवं सिरकं गंतूणं देहि नियपिउणो । तं सोउं तुण्हिक्का संजाया मंतिणो इमं हियए । काउं केण निसिद्धो जलही सीमं विलंघंतो । तं च कुओवि नाऊण वइयरं निग्गओ नयरीओ सुरी । अणवरयं च गच्छंतो पत्तो सगकूलं नाम कूलं ॥ इत्यादि ॥

पाठक वृंदको मालूम रहे कि इतना होनेपरभी श्रीकालिकाचार्यजी महाराजने अपनी बहिनको पुनः संजममें स्थापन करी और आप आलोयण पडिक्कमण करके निज गच्छ की पालना करने लगे. पाठ–कालयसूरीहिं तओ सा भगिणी संजमे पुणो ठविया । आलोइय पडिकंतो सूरीविसगं गणं वहइ ॥

शोचनेका स्थान हैं कि ऐसे युग प्रधान तीर्थंकर समान पंचम कालमें जिनको श्री सिद्धाचलजी तीर्थकी बराबर उपमा श्रीसीमंधर स्वामीने प्रदान करी–सक्कोसि तं दिआ मं पवंचासि । इअ सोउं सोअ हरी पंचक्खो थुणिअ भणइ मइं अज्ज । सीमंधर पहु पुट्ठो कोवि निगोए मुणइ भरहे । तत्थ तुमं अप्पसमो वुत्तो पहुणा तहित्थ तित्थदुगं । भणिअं तु जंगमं तं विमलगिरी थावरं चेव ॥–क्या शांतिविजय इस पदवीके लायकहै ? जोकि श्री कालिकाचार्यजीका नाम लेकर अपना उत्सूत्र भाषण सिद्ध करना चाहताहै ? नहीं कदापि नहीं. बडाभारी अंतरहै. देखो ? पूर्वोक्त गुणविशिष्ट भी पूर्वोक्त महात्माने पूर्वोक्त कार्य संबंधी आलोचना स्वीकार की, और न्यायरत्नतो प्रत्यक्ष निजकार्यकी पुष्टि करनेका उपाय करताहै. क्या भवभीरु सम्यग् दृष्टि गीतार्थ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



के यही लक्षण हैं ? यदि न्यायरत्नको श्रीकालिकाचार्यजीका कार्य स्वीकार है तो न्यायरत्नको चाहियेकि जैसे श्रीकालिकाचार्यजीने निज दुश्चरितका आलोचन प्रतिक्रमण किया. तैसे आपभी न्यायरत्न करें, और आगेको ऐसे दुष्कृतसे निवृत्त होजावें. अन्यथा न्यायरत्नके स्थानमें स्वयमेव ही अन्यायरत्न पद स्वीकार करना पडेगा ? ?

न्यायरत्नका लेख है कि–"आचार्य हीर विजयजी सूरिने अकबर बादशाहको धर्मकी तरक्कीके लिये करामात बतलाइ" वाचक वर्गको ख्याल करना चाहिये कि श्रीहीरविजयसूरिने करामात दिखलाइ तो उसका क्या फायदा हुआ प्रायः सर्व जैनीलोक जानतेहैं और उसबातके बादशाही परवांने मौजूदहैं. कुल उसके राज्यमें छै महिने तक कोइ जीवको मारने नहीं पाताथा.ऐसे उपकार के करनेवालेथे. तथापि वोह नंगे पांवही विहार करतेथे. क्या बादशाहको उनके वास्ते पीनस भी नहीं मिलतीथी ? या श्रीहीरविजय सूरिको सवारी करनी नहीं आतीथी ? जोकि बादशाहके बुलानेसे गंधार नगरसे चलकर आगरेको पहुंचे ? अफशोसहैकि अपनी मतिकल्पनाकी बातको सिद्ध करनेके वास्ते कैसे कैसे विपरीतवाक् प्रपंच बनाने पडतेहैं ? देखो ? अपने अनुचित्त कार्यकी पुष्टिके वास्ते कैसा कलंक महात्माओंको भी दिया जाबाहै ? श्रीशांतिचंद्र उपाध्यायजीके बारेमें न्यायरत्नने कैसा न्याय छांटाहै ? लिखाहै कि–" शांतिचंद्रजी महाराज अकबर बादशाहके साथ लडाइमें क्यों गये ? तुमारे हिसाबसे न जाना चहिये ? क्या वहां उनके साथ उनको गरम पानी और निर्दोष आहार मिलाथा ?" ख्याल रखना चाहिये कि इस पूर्वोक्त ब्यानसे लोकोंको यह धोखा देना चाहाहै कि श्रीशांतिचंद्र

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



उपाध्यायजी कच्चा पानी स्वीकार करतेथे, ऐसे लोकोंको शक पड जावे ! परंतु यह बात बिलकुल असत्य है. देखो ! श्रीलक्ष्मीसूरि महाराज पर्युषणा अठाइ व्याख्यानमें क्या लिखते है ? तथाहि ॥ अथैकदा साहिः अटकदेशजयनार्थं ३२ क्रोशमितं प्रयाणमकरोत् तदा साहिना स्वभक्तस्वांतिक समागतजना न्वेषणं नाम ग्राह पूर्वकं कारितं तन्मध्ये वाचकेंद्रस्यापि; नाम श्रुत्वा दध्यौ अहो वाहनोपानहादि विमुक्ताः अमी महदुःखं प्राप्ता अभविष्यन् ततस्तदाकारणाय स्वोपजीवीन् प्राहिणोत् ते तं प्राहुस्त्वां साहिराकारयति तदा वाचकेंद्रावस्था इदृशा जातास्ति शोफयुक्त चरणत्वात् पद्मात्रमप्यग्रें चलनाक्षमः टौप्परिकस्थित प्रासुकजलेन वस्त्रांचलमार्द्रीकृतं स्वोरसि स्थापितमस्ति दौ शिष्यौ वैय्यावृत्त्यं कुर्वंतः ततः सेवकै रेतत् स्वरूपं सर्वं नृपाय निवेदितं तदा साहिः सुखासनमप्रेषयत् । तदा स एकां काष्टवलीकामानाय्य तदुपरि मारु रोह स्वशिष्यौ काष्ठ प्रांतौ स्कंधे न्यस्य चलितौ साहिना तथावस्थं तमागच्छंतं वीक्ष्य दध्यौ अहो गुरु वाक्य भक्ता धन्या इमे ये मदनुयायिनः संति अन्यथा मदभ्यर्णे न काप्येषां प्राप्तिः अहो क्षमाणां क्षमा ततः साहिरभिमुखी भूय तत्पादयुग्मं चक्षुःभ्यां पस्पर्श प्राह च स्वामिन् अतः परं मत्कृते महत् प्रयाणं युष्माभिर्न विधेयं शनैः शनैः पश्चात् समेतव्यम् ॥ भावार्थ इस पूर्वोक्त पाठका यहहैकि एकदा समय अकबर बादशाहने ३२ कोशका पडाव किया. उसवक्त अपने भक्त अपने साथ आए आदमीयोंकी तहकीकात करनेके वास्ते सबके नाम उच्चारण किये गये. जिनमें श्रीशांतिचंद्र उपाध्यायजीकाभी नाम सुनकर बादशाहने शोचाकि अहो ! सवारी रहित, नंगे पांव चलनेसे इन्होंने बडा भारी दुःख पाया होवेगा !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



उसीवक्त श्रीशांतिचंद्रजीको बुलाने वास्ते नौकरोंको भेजें. उन्होने जाकर श्रीशांतिचंद्रजीसे कहाकि आपको बादशाह बुलाताहै. उसवक्त श्रीशांतिचंद्रजीकी ऐसी अवस्था हुईहै. पैरोंमें सोज आजानेसे एक कदम मात्रभी चलनेको समर्थ नहीं है, टोपसीमे रहे प्रासुक पानीके साथ गिला किया कपडेका टुकडा छातिके ऊपर रखा हुआहै, और दो शिष्य वैयावच्च करतेहैं. उसीवक्त नौकरोंने जाकर पूर्वोक्त सर्व स्वरूप बादशाहके आगे सुना दिया तब बादशाहने पालखी भेजी, परंतु श्रीशांतिचंद्रजी एक काष्टकी वली मंगवाकर उस पर बैठ गये. काष्टकी वलीके दोनों पासे दो शिष्य लग गये, और गुरुजीको पूर्वोक्त रीति उठाकर ले चले. इस रीति आते हुए श्रीशांतिचंद्रजीको देखकर बादशाह विचारने लगाकि अहो ! गुरुओंके वचनके भक्त ! धन्यहै इनको जोकि अपने गुरुओंके वचनके बंधे हुए येह मेरे साथ आतेहैं ! नहीं तो मेरे पासों इनको किसी चीजकी प्राप्ति नहीं है. अहो ! इन समर्थोंकी कैसी क्षमा है ! ऐसे विचार कर बादशाहने श्रीशांतिचंद्रजीके सन्मुख होकर वाचकेंद्रके दोनों पैरोंको आंखोंसे देखे और वाचकेंद्रको कहाकि हेस्वामिन् ! आजसे लेकर आपने मेरे लिये अधिक मजल नहीं करनी किंतु धीरे धीरे पीछे आजाना ॥

ख्याल करनेकी बातहैकि निज गुरुकी आज्ञाको शिरपर धारण करके कितनी तकलीफें उठाई ! और आखीरमें कितना बडा भारी धर्मको फायदा पहुचाया जग जाहिर बातहै. लिखानेकी कोइ आवश्यकता नहींहै. क्या ऐसे परम उपकारी महात्माकी बराबरी निजगुरु द्रोही न्यायरत्न कर सक्ता है ? कदापि नहीं.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पुनः न्यायरत्न अपने अपलक्षणको छिपाने के लिये सांप्रत समयमें अति प्रसिद्ध गीतार्थ माहात्मा श्री श्री श्री १००८ श्रीमद्विजयानंद सूरि ( आत्मारामजी ) महाराजजीका नाम लेकर लिखताहै कि—" देखो ? महाराज श्रीआत्मारामजी आनंदविजयजी मुल्क पंजाब शहर लुधीहानामें विराजतेथे उसवक्त वहांपर बीमारी चलीथी तब श्रावकोंने सोंचाकि ऐसे मुनिरत्नको दूसरे शहरमें लेजाना चाहियेकि जहां बिमारी न हो लुधीहानेके श्रावक साथ होकर महाराज श्री आत्मारामजीको रैलमें बैठाकर अंबाला शहेरमें लाये " सचहें ' आप डूबे ब्राह्मना साथ डोबे यजमान ' इस छोटीसी कहानीके मूजिब आपतो पतत होनेका धंदा कर बैठा, साथमें अन्य भद्रिक जीवोंकोभी अपने फंदमें फंसानेके लिये महात्माका नाम लिखकर चालाकी करगया ! क्योंकि महाराज श्री आत्मारामजीका पूर्ण वृत्तांत इस विषयक न्यायरत्नने नहीं लिखा है ! क्यों लिखे ? यदि ठीक ठीक पूरा पूरा वृत्तांत लिखता तो उसकी दाद कैसे गलती ? प्रथम तो जिस समय यह बात बनीथी उसवक्त यह मुंडित भी नहीं हुआथा, और पीछेसे सुनि हुई बातको भी अपने मतलब के वास्ते गोल मोल कर गया है. इस वास्ते पूर्वोक्त विषयमें जो कुछ वृत्तांत बनाथा उसवक्तके साधु और श्रावक जिनके रूबरु यह काम बनाथा उनके कथनानुसार यहां लिखा जाताहै जिससे सर्व भव्य आत्मार्थी साधु साध्वी श्रावक और श्राविकायोंको मालूम हो जावेगाकि न्यायरत्नका न्याय कैसा अपूर्व है ! !

संवत् १९३५में श्रीमहाराज श्रीआत्मारामजी साहिबने अन्य छे साधुओंकेसाथ सातमे आप लुधीआना नगरमें चतुर्मास कराथा. चातुर्मासके आखीरी समयमें इसकदर शहरमें बिमारी शुरू होगई कि प्रतिदिन करीबन३०० तीनसौ आदमी मरतेथे.ऐसा कोइकही

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



भाग्यवान् घर होगा कि जिसमें कोइ न कोइ बिमार नहोगा.साधुभी कुलके कुल बिमार हो गयेथे. एक महाराज साहिबही राजीथे जोकि आप साधुओंको दवाइ वगैरह ल्या देतेथे, गौचरीभी आपही जाया करते थे. दैवयोगसे एक साधु काल कर गया. बाकीके बिमारहीथेकि महाराजश्री आत्मारामजीको बुखार चढ गया. थोडेही दिनोंमें इस कदर बुखारने जोर देदियाकि शरीर बिलकुल कमजोर हो गया, और आठोंपहर इस कदर बुखार की घूंकी रही कि होश हवास भी कायम नहीं रहे. पासके साधु भी प्रायः बिमार होनेसे जैसी कि सारसंभाल इस मौक्येपर लेनी चाहिये नहीं ले सक्तेथे. नाचार श्रावक लोक सब ना उमेद होगये. किसीको आशा नहींथीकि महाराज श्रीकाशरीर रहेगा. परंतु भव्यजीवोंके भाग्य कुछ अच्छे थे जो दो श्रावक, एक लाला गोपीमल्ल तथा एक लाला वसंबरदास लुधीआने वाला, और एक लाला कवरसेन मालेरकोटलावाला. तीनोंही उत्सर्गापवाद के अच्छे ज्ञाताथे. उनके दिलमें स्वाभाविकही जोश आ गयाकि अब क्या देखते हो ? यह शोचा करनेका मौक्या नहीं है, उमेद तो नहीं है कि बच जावे तथापि कोइ द्रव्य क्षेत्र काल भाव बन जावे और हमारे तुमारे पुण्यका उदय होजावे महाराज साहिबकी जींदगी बच जावे तो और क्या चाहिये ? इस वास्ते जलदी इस बलती आगमेसें निकाल कर इनको शहर अंबालामें पहुंचाये जावेंतो ठीक है. क्योंकि एकतो वहांकी आब हवा इस वक्त अच्छी है, दूसरा श्रीलक्ष्मीविजयजी ( विशनचंदजी ) महाराजजी आदि साधु महाराजभी वहां पर मौजूद हैं. इनकी वैयावच्च वगैरहभी अच्छी तरहसे होवेगी, अपने तरफसे उद्यम करना योग्य है, आगे भाविभाव बलवान् है, जो कुछ अपने भाग्यमें होवेगा बनेगा. ऐसे विचारकर एकदम उठाके ल्या रैलमें लंवे पादिये. जब सर-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



इंदके स्टेशनपर रैल आइ तो महाराजश्रीको अधिकतर मूर्च्छा आगई. आंखे बाहिर निकल आई. ल्यानेवाले श्रावकोंके होश उडगये. शोचने लगे कि अब क्या बनेगा? किसी पासे जोगेभी नहीं रहे. परंतु शासन देवताकी कृपासे वोह विघ्न उसीवक्त शांत होगया. इतनेमें रैल अंबाला शहरके स्टेशनपर आपहुंची. अंबालाके श्रावक प्रथमसेही तारके आनेसे स्टेशनपर जापहुंचेथे. झट गाडीसे उतारके शहरमें उठाकर लेआए. दश दिनोंतक महाराजश्रीको कोइ पता ठीक ठीक नहीं लगाकि मैं कहां हूं? जब ग्यारहमें दिन कुछक बिमारीका मौडा पडा तो पता लगाकि यहतो अंबालेके मकान मालूम देताहै और मैंतो लुधीआने था! मेरे साथमें साधु और थे, और यहां औरही दिखाइ देते हैं! यह क्या बात है? तब साधु और श्रावकोंने हाथ जोडकर सब बात सुनादी, सुनकर बहुतही नाराज हुए. परंतु क्या बनसक्ताथा. वींधा गया सो मोती. उसीवक्त शहर अहमदावादमें गणिजी महाराज श्री श्री श्री १००८ श्री मन्मुक्तिविजयजी [ मूलचंदजी ] महाराजजीको पत्र लिखवाकर सब हकीकत मालूम करी गई, और बदलेमें प्रायश्चित्त मांगा गया. श्री गणिजी महाराजने जो कुछ प्रायश्चित्त कृपा किया महाराजजी साहिबने स्वीकार कर लिया. अनुमान तीन महिने बाद अंबालासे विहार किया. शरीर कमजोरा होनेसे रस्तेमें फेर हरकत थोडीसी होगइ. इसी तरह कबी राजी कबी बिमार छे महिनेतक यही हाल रहता रहा. छे महिने बाद आराम होगया ॥ इति ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अफशोस है ! न्यायरत्न विद्यासागरके न्याय और विद्यापर कि जिसके जोशमे आकर कुछका कुछ लिखमारा ! क्या पूर्वोक्त वृत्तांतसे महाराजका रैलमे बैठना सिद्ध होसक्ता है ? कदापि नहीं. तो फिर शांतिविजयका रैलके विहारकी बाबतमें महाराज श्री आत्मारामजीका नाम लेना सिवाय उन महात्माओंको कलंक देना, इससे और भोले अज्ञानी जीवोंको अपने फंदेमें फसानेके वास्ते धोखा देना, इससे और कुछ सिद्ध होसक्ता है ? नहीं कुछभी नहीं. बसतो शांतिविजयके लिखनेसे क्या होसक्ता है ? जो मरजीमें आवे सो गप्पाष्टक लिखमारे ! कोइ पूछनवाला शिरपर होवे, या परभवका डर होवे, जिनाज्ञाके विराधनेका खोफ होवे, तबही लिखनेमे यथार्थ लिखान लिखाजावे. यदि शोचाजावे तो साफ जाहिर होताहै कि श्री महाराजजी साहिबका रैलमें बैठना बताकर न्यायरत्न अपना रैलका विहार सिद्ध करना चाहता है, बिलकुल बिहुदा है. क्योंकी नतो महाराज साहिब श्री आत्मारामजी खुद रैलमें बैठेथे, और न उनको बैठना मंजूरथा. जेकर इस बातको वोह पसंद करते तो श्रावकोंपर नाराज कबी न होते, और श्री गणिजी महाराजजीके पासो प्रायश्चित्त मंगवाकर स्वीकार न करते. परंतु वोहतो भवभीरु थे. श्री शांतिविजय समान न्यायरत्न विद्यासागर गुरुद्रोही नहीं थे !!!

तथा एक औरभी बात है कि महाराज श्री आत्मारामजी अनेक कष्ट सहन करके पंजाबसे गुजरात, और गुजरातसे पंजाब दो वक्त आये, और गये. जगजाहिर बात है. क्या महाराजको

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



रेलपर चढना नहीं आताथा? क्या उनको कोइ टिकिट दिलाने वाला नहीं था? जानबूझकर उनको तकलीफ सहन करनी अच्छी लगतीथी? क्या उनको इस अपूर्व शास्त्रका "जिसमें गीतार्थ मुनि रेलद्वारा विहार करे कोइ हर्जकी बात नहीं फरमाया है" ज्ञान नहीं था? जो रेलमें बैठकर आये गये नहीं, और नाहक तकलीफें उठाई !!

पुनः जिसवक्त महाराज साहिबजीका चतुर्मास सुरत शहरमें था मुंबईके भाविक श्रावकोंने मुंबई पधारनेकी विनती करी, और अर्ज गुजारी कि हम एकसौ आदमी आपके साथ सचित्तका त्याग करके पैदल चलेंगे और पुलके वास्ते रैलवालोंको हरजाना मुंहमांगा देकर आपको पुलपरसे कजानेका इंतजाम करलेवेंगे. यह बात प्रायः सर्वत्र प्रसिद्ध है. जिनमेंभी मुंबई और सुरतवाले तो खास करके इस बातको जानते हैं. जेकर महाराज श्री आत्मारामजी "रैलद्वारा विहार मुनिजन करे कोइ हरकत नहीं" इस बातके पाबंद होते तो फौरन कहदेते कि भाइ श्रावको! तुम किसवास्ते इतनी तकलीफ उठातेहो? हम रैलमें सवार होकर चलेंगे. ऐसे २ मोक्येपर कोइ हर्जकी बात नहीं है. परंतु उन्होंने रैलके बारेमें कुछभी अपनी राय नहीं जाहिर करी. क्या उसवक्त शांतिविजय सोया हुआथा? नहीं नहीं मैंही भूलताहूं! उसवक्त शांतिविजय गीतार्थ नहीं था, अब गीतार्थ होगया!! क्योंकि उसवक्त थोडा बहुता गुरुका कहना मानताथा!!!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अब मैं इस लेखकी समाप्तिमें श्री चतुर्विध श्रमणसंघके आगे हाथ जोडकर अपने इस लेखमें कोइ जैन शैलिसे विपरीत लेख लिखायागया होवे उस बाबत मिथ्या दुःकृत देताहूं, और प्रार्थना करताहूं कि ऐसे ऐसे स्वच्छंदे चलनेवाले साधुओंके वास्ते जलदी कोइ इंतजाम करना अच्छा है. अन्यथा दिन प्रतिदिन साधु बिलकुल ढीले होजावेंगे, और रीति भांति बिगड जावेगी. श्री सत्यविजयजी यशोविजयजी उपाध्यायजी महाराजजी आदिने क्रिया उद्धार करके पिछाणकेलिये श्वेत वस्त्र हटाकर, पीतकी व्यवस्था करदी. जो कि आजतक प्रायः ठीक २ चल रही है. जब पीतमेंभी सडा पडनेलगा तो फेर पिछाणके वास्ते क्या कृष्ण वस्त्र चलाओगे ? इस वास्ते पानी पहिलेही पाल बांधनी अच्छी है. तथास्तु ॥

लेखक श्री संघका दास.

# मुनि वल्लभविजय.

हाल मुकाम–शहर अंबाला–पंजाब.

For Private And Personal Use Only

# बनारस जैन पाठशाळा विषे विज्ञप्ति.

(લખનાર તત્રસ્થ એક મુનિ.)

મારા પૂજ્ય વર્ગોને તથા મારા ગુરૂ ભાઇઓને તથા મારા શુભ ચિંતકોને નમ્રતા પૂર્વક પ્રાર્થના કરૂં છું કે હે મુનિવરો ! આ **બનારસ** જેને શાસ્ત્રકારો **વારાણુસી** બતાવે છે તે શેહેર પ્રાયે તમામ વર્ત્તમાન ચોવીશીના તીર્થંકર મહારાજોના ચરણકમળથી પવિત્ર થયેલ છે, હિંદુસ્તાનમાં વિદ્યા સાધન માટે પ્રખ્યાત સ્થાન છે, દરેક ધર્મવાળાઓના ધર્મસ્થાન સાથ પાઠશાળાઓ છે, પશ્ચિમ ખંડથી આવેલ એક સ્ત્રી જાતિ જેનું નામ **એનિબિસેન્ટ વિદુષી** લોકમાં પ્રસિદ્ધિ પામેલ છે તેણે આ શેહેરમાં **સેંટ્રલ હિંદુ કોલેજ** ખોલી છે. તમામ વર્ગના હિંદુઓને સંસ્કૃત તથા ઈંગ્લીશ કેળવણી આપી આઠ દિવસને આંતરે એટલે દર રવિવારે પોતાના ગુરૂએ બતાવેલ તત્ત્વોનું શિક્ષણ આપે છે. તેમાં જૈન બાળકો વર્ત્તમાન સમયમાં બે છે. ૧ દિગમ્બરી તથા ૧ શ્વેતામ્બરી છે. વિશેષ હોય તો તેની માહીતી નથી. બાળકોના કોમળ અંતઃકરણમાં જે સ્વકલ્પિત તત્ત્વોની છાપ બેસે છે તે પાછી ઉખેડવી મુશ્કેલ થઈ પડશે. તથા બૌદ્ધ લોક જે સિલોન, ચીન, જાપાનના વતની છે તેણે હિંદુસ્તાનમાં આવી કલકત્તામાં મોટી મુશ્કેલી ભોગવી અંતે સોસાઈટી સ્થાપી, માસિકપત્રથી સ્વાભિમત તત્ત્વોનું શિક્ષણ પેપરદ્વારા આપે છે. વિશેષમાં એક બૌદ્ધ સાધુ જેની મદદમાં કોઇ નહીં તે આ શેહેરના ગંગા કિનારાપર આવી ત્રણ વર્ષથી પડયો હતો તે હમણા ગંજાવર જગ્યા ખરીદ કરી મોટા પાયાપર ઇમારત બંધાવે છે. અને તે ઠેકાણે એક કળાભવન કાઢવાની તૈયારીમાં છે. અમેરિકાથી યંત્રો ચાલી ચૂકયા છે, તે કળાભવનમાં હિંદુ તથા મુસલમાન તમામને શિક્ષણ આપવા સાથ એક કલાક બૌદ્ધ ગુરૂઓ ધર્મ તત્ત્વોનું શિક્ષણ આપશે ગયાજીમાં બૌદ્ધ મંદિર એક બાવાના કબજામાં હતું તે પણ બૌદ્ધ લોકોએ [illegible] કામ ચલાવી તેમાં એકવાર હાર ખાધી તોપણ ફરીથી સાહસીક [illegible] જારો રૂપિઆ તથા વખતનો ભોગ આપી અંતે જય પામ્યા છે. વળી વિષ્ણુપદથી પ્રસિદ્ધ જે તીર્થ છે તેનાપર પણ તે લોકોએ હાથ નાંખ્યો છે તેનો કેશ ચાલે છે તેમાં પણ જય પામશે. લાંબા વિચારથી માલમ પડે છે કે ઉદ્યમથી તમામ કામ પાર પડે છે. આપણાં જૈન મંદિરો અન્યમતાનુ-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાવિઓએ ઘણે ઠેકાણે કબજે કર્યાં છે. કેટલેક ઠેકાણે અન્ય મૂર્તિઓનો પ્રવેશ થયો છે. દાખલા તરિકે અયોધ્યા નગરીમાં આપણા વર્તમાન ચોવીશી માંહેના ૧૯ કલ્યાણક થયા છે. તેજ અયોધ્યાનો પાડો પુરિમતાલ જેમાં ઋષભદેવને કેવળજ્ઞાનની પ્રાપ્તિ વડ નીચે થઈ છે, તે પુરિમતાલને હાલ અલ્લહાબાદ (પ્રયાગ) તીર્થ કહે છે, તેમાં એક પૂરાતન કિલ્લો છે તેમાં તે તીર્થ છે, જે હાલ બ્રાહ્મણોના કબજામાં છે. મેં મારી સાથેના સાધુઓ સાથે તે તીર્થના દર્શનનો લાભ લીધો હતો; તેમાં આપણા જૈન બિંબો ખંડિત થયેલા ઘણા નજરે પડ્યા હતા તથા બે પ્રતિમાજી અખંડ પણ હતા. જે ઠેકાણે શાસ્ત્રકારો ઋષભદેવ ભગવાન ને કેવળજ્ઞાન બતાવે છે તે તમામ હકીકત મળવા સાથ વડવૃક્ષ પણ ઘણું પ્રાચિન ઠુંઠા પ્રાય તથા પગલાં પણ જીર્ણ થઈ ગયેલાં છે. તે દેખી દીલગીર થઇ કાળ ઉપર દ્રષ્ટિ દઇ સંતોષ કર્યો. પરંતુ તે સંતોષ અશકિત વિશેષ અજ્ઞાનતા મૂળનો છે. આવા અનેક તીર્થો ગયા છે ને જાય છે.

અગાઉ આ પૂર્વ દેશ જૈનમય હતો જ્યાં જૈનધર્મનું એક છત્ર રાજ્ય હતું. જે રાજગૃહી નગરીમાં બાળકીયો શુકોને બોલાવતી ત્યારે **भव्याम्भोज विबोधनैक तरणे** ઇત્યાદિ જીન સ્તુતિના ઉચ્ચાર થતા હતા, તે દેશમાં મુનિઓનો વિહાર બંધ થયો એટલુંજ નહીં પણ ફકત નામ માત્ર તીર્થો રહ્યાં છે. લોકો દેવ દ્રવ્યથી દૂષિત બની શ્રદ્ધા હીન થયા છે. કેટલાક તો જૈનધર્મ રહીત થતા જાય છે, હે મારા પૂજ્ય વર્યો ! કમ્મર કસી ઉપદેશ દ્વારા સ્થળે સ્થળે જૈન પાઠશાળા ખોલી શિક્ષક બની સંસ્કૃત શિક્ષા સાથ ધર્મ કેળવણી આપી જૈન વિદ્વાન વર્ગો તૈયાર કરો.

મૂર્ખ, અનભ્યાસી અને અવસરજ્ઞ વગેરે દૂષણવાળાને દીક્ષા દેવી બંધ કરો. પુસ્તક વગેરેની મૂર્છાથી વિરકત થાઓ. શાસનની ઉન્નતી માટે સંપ કરો. જૈનધર્મનો વિજય વાવટો ભૂપીઠ ઉપર અખંડ ફરકાવો અવાસ્તવીક કીર્તિનો પરિત્યાગ કરી વાસ્તવીક કીર્તિ ઉપર તન મન ધનથી ઉદ્યમ શરૂ કરો. પરમ પવિત્ર મહાત્મા પુરૂષોના પ્રયાસને શાસ્ત્ર વાર્તાથી સફળ કરો. મારૂં તારૂં એ ભાવને દેશવટો આપો. લૌકિક દષ્ટિવાળા વર્તમાન મુનિ મહારાજોમાં કેટલાએક તીર્થંકર મહારાજના વચન ઉપર એક પક્ષી દ્રષ્ટિ દઇ સંતોષ કરે છે કે તીર્થંકર મહારાજે સમય સમય અનંત હાણી બતાવેલ છે. પણ તે યુક્તિમત નથી કારણ કે તીર્થંકર મહારાજે ત્રેવીશ ઉદય બતાવેલા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્દષ્ટાંત તરીકે જાણવું જોઇએ કે **આર્ય સુહસ્તિ મહારાજના** ઉપદેશથી **સંપ્રતિરાજાએ** યાવત્ અનાર્ય દેશ સુધી મુનિ વિહારને યોગ્ય ભૂમિ કરી. તો ઉદ્યમથી શું થતું નથી; ઉદ્યમથી ગયું રાજ્ય મળે છે. ધર્મ રહિત પુરૂષોને ધર્મની પ્રાપ્તિ થાય છે જ્ઞાન દર્શન ચારિત્રની નિર્મળતા થાય છે, યાવત્ મોક્ષ પ્રાપ્તી થાય છે. હે મારા વહાલા મુનીવરો ! આ મારૂં બાળું ભોળું લખાણ ઉપદેશ તરીકે ન માનશો કારણ કે હું આપ સાહેબનો ઉપદેશ સાંભળવા લાયક છું. જે મેં લખ્યું છે તે પ્રાર્થનારૂપે અંતઃકરણ પૂર્વક માનશો. હે મુનિવરો ! પ્રત્યેક શહેરમાં જૈનશાળાઓ ખોલાવવા પ્રયાસ કરશો ને તેમાં તૈયાર થયેલ વિદ્યાર્થીઓને બનારસ મોકલાવશો તો આપણો ધર્મ બનશે તેટલો પ્રયાસ કરી સ્વકર્તવ્ય બજાવશે.

ઉપરના લખાણમાં હું જે કાંઈ અવિનય આદિ દૂષણથી દૂષિત થયો હઉં તેને માટે માફી માગું છું.

---

## हिरप्रश्न तथा सेनप्रश्न उद्धरीतसार.

### [ લખનાર મુનિ કર્પુરવિજયજી ]

અનુસંધાન પૃષ્ટ ૧૮૯ થી

૪૧ આસો માસના અસ્વાધ્યાય દિનત્રય ( પ્રાયઃ ૮-૯-૧૦ ) તથા ત્રણ ચોમાસીના અસ્વાધ્યાય દહાડાને વિષે **ઉપદેશમાળાદિક** ગણાય છે.

૪૨ સ્થાપનાચાર્ય સમિપે પ્રતિક્રમણ કરતાં પહેલાં સ્થાપનાચાર્યને અને પછી વૃદ્ધના અનુક્રમે બે ચાર કે છ મુનિઓને **ક્ષામણા** કરાય. બીજા મુનિ ન હોય તો માત્ર સ્થાપનાચાર્યનેજ ખમાવાય.

૪૨ **મેથી** આઇંબીલમાં કલ્પે. મેથી દ્વિદળ છે, ને દ્વિદળ આઇંબીલમાં કલ્પે છે.

૪૪ સામાયિક લઇ સ્વાધ્યાયના આદેશ માગ્યા પછી ખમાસમણ દઈ '**ઇચ્છાકારેણ સંદિસહ ભગવાન્ મુહપત્તિ પડિલેહું** ? એમ કહી આદેશ માગી મુહપત્તિ પડિલેહીને પચ્ચખ્ખાણ કરવું.

૪૫ સાધ્વીઓ ઉભી ઉંચી **વાંચના** લે.

૪૬ **કુળ** (કોટિ) ૧૦૮ પુરૂષોબડે જાણવી.

૪૭ આ અવસર્પિણીમાં ૭ **અભવ્યો** પ્રસિદ્ધિમાં આવ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪૮ મ્લેચ્છ ને માચ્છીમારાદિ શ્રાવક થયા હોય તો તેમને જિન પ્રતિમા પૂજવામાં લાભજ છે. જો શરીર અને વસ્ત્રાદિકની શુદ્ધિ હોય તો પ્રતિમા પૂજવામાં નિષેધ જાણ્યો નથી.

૪૯ શિષ્ય સારી રીતે ચારિત્ર ન પાળે અને ગુરૂ મોહે કરીને તેને ન વારે તો ગુરૂને પાપ લાગે. અન્યથા ન લાગે.

૫૦ સાધ્વીને વંદન કરતાં શ્રાવકો '**અણુજાણહ ભગવતીપસાઉ કરી**' એમ કહે.

૫૧ જો એકાસણા સહિત ઉપવાસ કરે તો **सूरे उग्गए चउत्थ भत्तं अभत्तट्ठं पच्चक्खाइ** એકાસણા વિના ઉપવાસ કરે તો **सूरे उग्गए अभत्तट्ठं पच्चक्खाइ** એમ કહેવાની અવિચ્છિન્ન પરંપરા દેખાય છે અને છઠ્ઠ પ્રમુખ પચ્ચખ્ખાણમાં તો પારણે એકાસણું કરે કે ન કરે તો પણ **सूरे उग्गए छट्ठ भत्तं अट्ठम भत्तं** એમ કહેવાય છે. એવા અક્ષરો **શ્રી કલ્પસૂત્ર સમાચારીમાં** છે.

૫૨ શ્રાવક દિવસ સંબંધી પોસહ કર્યા બાદ ભાવવૃદ્ધિ થતાં રાત્રી પોસહ ગ્રહે ત્યારે પોસહ સામાયિક કર્યા બાદ **સઝાયકરૂં** એ આદેશ માગવાથી સરે છે. **બહુવેળ સંદિસાહું**? એ આદેશ માગવાનો નિયમ નથી. કારણ કે પ્રભાતે તે માગેલ છે.

૫૩ સો યોજન ઉપરાંતથી આવેલ સિંધાલુણ વિગેરે અચિત્ત થાય, બીજું નહીં.

૫૪ શ્રદ્ધા રહિતપણે યોગ વહન કર્યા વિના સાધુ કે શ્રાવકોને નવકારાદિ ગણવામાં પણ **અનંત સંસારીપણું** કહેવાય છે.

૫૫ કેવળ શ્રાવક પ્રતિષ્ટિત, દ્રવ્યલિંગીના દ્રવ્યથી બનાવેલ તથા દિગંબર ચૈત્યને મુકીને બાકીના સર્વ ચૈત્યો વાંદવા તથા પૂજવા યોગ્ય છે. અને ઉપર કહેલા ચૈત્યો પણ સુવિહિત મુનિના વાસક્ષેપવડે વંદન પૂજન યોગ્ય થાય છે.

૫૬ જળ માર્ગે સો યોજન અને સ્થળ માર્ગે સાઠ યોજન ઉપરાંતથી **આવેલી સચિત્ત** વસ્તુ **અચિત્ત** થાય છે.

૫૭ શ્રાવક પોસહમાં ઘરના મનુષ્યોને પુછીને સાધુ પ્રત્યે અન્નાદિક વહોરાવે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫૮ આલોયણ સંબંધી સ્વાધ્યાય ઈરીયાવહી પૂર્વક સૂઝે. કદિ વિસરી ગયા હોય તો ફરી ઉપયોગ કરવો.

૫૯ છઠ્ઠ કરવાની ઇચ્છાવાળો જો પહેલે દિવસે એક ઉપવાસનું પચ્ચખ્ખાણ કરે તો બીજે દીવસે પણ એક ઉપવાસનું પચખ્ખાણ કરે. તેને બદલે જો છઠ્ઠનું કરે તો તેને બીજે દિવસે પણ ઉપવાસ કરવો યુકત છે. એવી **સમાચારી** છે.

૬૦ કેવળી સમુદ્ઘાત કર્યા પછી અંતર્મુહૂર્ત્ત સુધી સંસારમાં રહે છે. પીઠ ફલકાદિ ગૃહસ્થને પાછા સોંપી દીધા પછી **શૈલેશીકરણ** કરે છે. કેમકે અંતર્મુહૂર્ત્ત આયુ શેષ હોય ત્યારેજ **સમુદ્ઘાત** કરવા માંડે છે.

૬૧ યોગમાં રાત્રીએ અણાહારી વસ્તુ લેવી ન કલ્પે. સંઘટ્ટાનો અભાવ હોવાથી.

૬૨ યોગ્ય, ઉપધાન તેમજ વ્રત ઊચ્ચરવા હોય ત્યારે દિન શુદ્ધિ જોવી. માસ વર્ષાદિ જોવાની જરૂર નથી.

આ સાર ઉકત ગ્રંથો વાંચી વખતે કરી લીધેલા નોંધ અનુસારે લખેલો છે. તેમાં સંદેહ પડે તો ઉકત ગ્રંથોથી તેનો નિર્ણય કરી લેવો.

# प्रबोध.

## [ કેળવણી. ]

આ વરસમાં **શ્રી જૈનધર્મ પ્રકાશના** મુખપૃષ્ટપર ટાંકેલા શ્લોકમાં આદરવા યોગ્ય અને ધારણ કરવા યોગ્ય વસ્તુઓ બતાવેલી છે તેમાં પ્રથમ લખે છે કે '**धार्यः प्रबोधो हृदि**' એટલે હૃદયમાં પ્રબોધ ધારણ કરવો. આટલા ઉપરથી જ્ઞાન એ શું વસ્તુ છે અને તે બાબતમાં જૈન કોમની આધુનિક સ્થિતિ કેવી છે તે જાણવું જરૂરનું છે.

જ્ઞાન આત્મિક વસ્તુ છે અને તે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થવાથી પ્રગટ થાય છે. જેટલે અંશે જ્ઞાનાવરણી કર્મનો ક્ષયોપશમ થાય છે તેટલે અંશે જ્ઞાન પ્રગટ થાય છે. જ્ઞાન કોઇ પાસે લેવા જવું પડતું નથી. અનંતજ્ઞાન એ આત્માનું લક્ષણ છે. અનંતજ્ઞાન આત્મામાં ભરેલું છે, પરંતુ તેની આડા અનેક કર્મોના આવરણો આવી તેને આચ્છાદન કરે છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેથી એવી સ્થિતિ થઇ ગઇ છે કે જે આત્માની સ્વભાવ દશા છે તે ભૂલાઇને તેથી વિપરીત ગ્રહણ કરેલી દશા તેજ જાણે તેની મૂળ દશા થઈ ગઇ છે. આપણને હાલ એમ લાગે છે કે જ્ઞાન બહારથી લેવા જવું પડે છે, સ્કૂલમાં શિખવા જવું પડે છે કે ચોપડીમાંથી વાંચવું પડે છે. આ પ્રમાણે લાગે છે તેનું કારણ છે અને વસ્તુતઃ તેમ નથી તેનું પણ કારણ છે.

અનાદિ કાળથી આત્મા સાથે ઉકત જ્ઞાન સ્વભાવની ઉપર પડદો કરનારા કર્મો લાગી રહેલા છે, લાગતા જાય છે અને જ્યારે કેટલાક પડદા ઉખડતા જાય છે ત્યારે પ્રકાશ વધારે થતો જાય છે. જેને જે જે અંશે વધારે પ્રકાશ પડે છે તેને તે તે અંશે પડદા ઓછા થયેલા હોય છે તદ્દન અજ્ઞાન લાગતા જીવનમાં પણ અતિ સૂક્ષ્મ પ્રકાશ પડે છે. બાહ્ય દૃષ્ટિથી તે પ્રકાશ ગમે તેટલો ઓછો અથવા નજીવો લાગે અથવા પ્રકાશ નથી એમજ લાગે તોપણ તે પ્રકાશ છેજ અને તે અતિઅલ્પ ચમકારાથી આગળ વધી શકાય છે. જે પડદા-આચ્છાદન-પ્રકાશને રોકે તે દુર કરવાનો સતત પ્રયત્ન ચાલ્યા કરે છે. આચ્છાદન દુર કરવાના અનેક ઉપાયો છે અને તે આપ્ત પ્રણીત ગ્રંથોમાં સ્થળે સ્થળે દૃષ્ટિ ગોચર થાય છે. અવસરોચિત પુરૂષાર્થથી ઉકત પડદાઓ નાશ પામતા જાય છે અને અતિ ઉત્તમ પુરૂષાર્થ કરનારને સર્વથા પડદાનો નાશ થાય છે. આ વખતે એક જ્યોતિ-અનંત ગુણ યુકત-જ્ઞાન ગુણ વિશિષ્ટ-સચ્ચિદાનંદ-પ્રગટ થાય છે, અને તે જ્યોતિમાં આખા વિશ્વના ભૂત ભવિષ્ય અને વર્તમાનનો આભાસ થાય છે, આ જ્યોતિ પ્રાપ્ત કરવા માટે-પ્રગટ કરવા માટે જે પ્રયત્ન ચાલે છે, જે સાધનોનું અવલંબન કરવામાં આવે છે તે સાધનને પ્રાણી ભૂલી જઈ બીજા રૂપમાં માને છે એટલે કે સાધન છે તેને બહારથી જ્ઞાન મેળવવા તુલ્ય માને છે. આટલા ઉપરથી સ્પષ્ટ થાય છે કે જ્ઞાન પ્રગટ કરવાના સાધનોને જ્ઞાન મેળવવાના સાધનો માનવામાં આવે છે. આવી માંન્યતાથી મિથ્યારોપ થવા ઉપરાંત બીજું નુકશાન થતું નથી. પણ વસ્તુ સ્થિતિ શું છે તે જાણવાની આવશ્યકતા આ જમાનામાં એટલી બધી છે કે આટલું સ્પષ્ટીકરણ પ્રાસંગિક ગણ્યું છે.

અખંડ પ્રવૃત્તિમાં પડેલો આત્મા ચાલુ જમાનાના પ્રવૃત્તિમય જીવનમાં આવી પોતે કોણ છે તે સમજી શકતો નથી, સમજવા યત્ન પણ કરતો નથી, 'अप्पा जाणइ अप्पा' એ ધર્મદાસગણિનું સૂત્ર બહુ અર્થ સૂચક છે. આત્મા અને પુદ્ગળમાં શું ફેર છે એ સમજાવવાનો દાવો કરનારામાંથી પણ કોઇ વિરલ પ્રાણી સ્પષ્ટ સમજાવી શકશે. અત્યારે પ્રસંગાનુસાર એટ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુંજ જાણવાનું છે કે આત્મા એ જ્ઞાનથી ભિન્ન નથી. જ્ઞાન, દર્શન, ચારિત્ર વિગેરે અનેક ગુણોનું સ્થાન તેજ આત્મા. આત્માને જ્ઞાન છે તેમ નહિ સમજવું પણ આત્મા તેજ જ્ઞાનરૂપ છે. આ હકીકત જરા આકરી છે પણ સુગુરૂયોગ પ્રાપ્ત થયે સમજી લેવા જેવી છે.

જ્ઞાન ગુણ પ્રાપ્ત થવાથી વસ્તુ સ્વભાવ સમજાય છે. સમ્યક્ જ્ઞાની અને એ જ્ઞાન રહિત પ્રાણી એકજ વસ્તુ જુએ છે પણ તેને જુદે રૂપે પચાવે છે. વસ્તુ સ્વભાવ સમજાય ત્યારે પોતાનું શું અને પારકું શું તે સમજાય છે. વળી આત્મિક શું અને પૌદ્‌ગળિક શું તે પણ ત્યારેજ સમજાય છે. સ્વપરનો ભેદ સમજાય તેજ વસ્તુ સ્થિતિનું રહસ્ય, તેજ મોક્ષપ્રાપ્તિનો ઉપાય અને તેજ ધર્મ. वथ्थुसहावो धम्मो એ વ્યાખ્યાને અનુસારે જ્ઞાની જે વખતે પોતાને અનુકૂળ જ્ઞાનાનંદમાં પ્રવર્તે છે તે વખતે તેને આ દુનિયા સાંભરતી નથી અને તેમાં તે એકરૂપ થઈ જાય છે. જ્ઞાન ગુણ પ્રગટ કરવામાં પુરૂષાર્થની જરૂર છે અને તે આપણી પોતાનીજ વસ્તુ છે. તેથી તેને પ્રગટ કરવી એ આપણું પ્રથમ કર્તવ્ય છે એ ગુણ પ્રગટ થાય એજ આપણી ઇચ્છા, એજ ઉત્કૃષ્ટ પરમાનંદ સ્થાન અને એજ સર્વસ્વ. જ્ઞાન-બોધ-ચૈતન્ય-કેળવણી-એ જુદીજુદી દૃષ્ટિથી જુદા જુદા ભાવ બતાવનારા પર્યાયી શબ્દો છે. જ્ઞાનથી શું લાભ થાય છે અને તે પ્રગટ કરવાના સાધનો પૈકી કેટલાક અગત્યના સાધનો કયા કયા છે તે પર વિચાર કરવો તે હવે વિષયના બાકીના ભાગનું પ્રયોજન છે.

**જ્ઞાનથી થતાં અનેક લાભોમાંથી બહુ અગત્યના લાભોનું દિગ્ દર્શન:** જ્ઞાન પ્રકાશક છે. જ્ઞાની અને અજ્ઞાની (એટલે કે અલ્પજ્ઞાની) ની જ્યારે તુલના થાય છે ત્યારે જ્ઞાનની મહત્વતા બહુ સારી રીતે સમજાય છે. આ બાબતમાં જૈન સર્વજ્ઞોનું કથન બહુ ખુબી ભરેલું જણાઇ આવે છે. એક અલ્પજ્ઞ પ્રાણી ઘણા કાળ સુધીમાં જે કર્મોનો નાશ કરી શકતો નથી તેટલા કર્મોને જ્ઞાની એક ક્ષણમાં ખપાવી શકે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે-

**જ્ઞાની શ્વાસોશ્વાસમેં, કરે કર્મનો ખેહ;**
**પૂર્વ કોડી વરસાં લગે, અજ્ઞાને કરે જેહ.**

આનું કારણ શું હશે? કર્મબંધની ચીકાશ અનુભાગ-અધ્યવસાયની સ્થુલતા ( intensity ) પર આધાર રાખે છે. શુભ અધ્યવસાયપર એક જ્ઞાની જેટલી સ્થિરતા-દૃઢતા કરી શકે તેટલી ક્ષુલ્લક અલ્પજ્ઞથી કદિ પણ બને નહિ અને તેથી જેમ જ્ઞાની જીવ શુભ કર્મોનો સંચય કરવામાં પૈ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાને અનુકુળ અનુભાગ-રસ વધારે જથામાં કેળવી શકે છે તેવીજ રીતે આત્મપ્રદો સાથે લાગેલાં કર્મોનો ક્ષય કરવામાં તે ઉત્કૃષ્ટ વીર્ય પણ ફોરવી શકે છે. દુનિયાના સામાન્ય વ્યવહારમાં પણ આપણે જોઇએ છીએ કે જે દઢતા અને ચાલાકીથી સમજુ પ્રાજ્ઞ કાર્ય કરે છે તેવી ચાલાકી મૂર્ખમાં હોતી નથી. અપૂર્ણ.

# वर्त्तमान चर्चा.

**મુનિ નેમાવજયજીને પન્યાસ પદવી**—માગશર વદ ત્રીજને દિવસે શ્રી વળા ગામમાં **મુનિ નેમવિજયજીને** પન્માસપદવી **પન્યાસ ગંભીરવિજયજીએ** આપી છે. આ પ્રસંગે પરદેશના શ્રાવકો પણ સારી સંખ્યામાં હાજર થયા હતા. પ્રસંગાનુસાર અઠ્ઠાઇ મહોત્સવ, સ્વામી વાત્સલ્ય પણ થયા હતા મુનિ નેમવિજયજી બહુ વિદ્વાન છે. તેઓએ સંસ્કૃત ભાષાપર સારો કાબુ મેળવ્યો છે. અને ન્યાયના વિષયમાં મરહુમ પ્રખ્યાત **મુનિ દાનવિજયજી** પછી તેઓ પ્રથમ પંકિત ધરાવે છે. આ ઉપરાંત તેઓની ઉપદેશ દેવાની શકિત અને જ્ઞાન બહુ ઉંચા પ્રકારનું છે. આવા જ્ઞાનવાળા મુનિ પન્યાસ પદવીને પૂરી રીતે લાયક છે. પન્યાસ પદવી એ પંડીતનીજ પદવી છે. અને તેઓ આ પદવીને માટે પૂરે પૂરા લાયક છે. ' લાયકને લાયક ' માન મળ્યું છે. જો આવા રત્નાધિકોને તે પદવી આપવામાં આવતી હોયતો અત્યારે કેટલાક સ્થાનકે બન્યું છે તેમ તે પદવી અપવાદમાં ન આવી પડે.

**
*

**જૈનવિધિ પ્રમાણે લગ્ન**—આ સવાલે શ્રી મુંબઇનીંમાંગરોલ નિવાસી દશાશ્રીમાળી શ્રાવકોમાં આકરૂં રૂપ ધારણ કર્યું હતું. અને કાંઇક મત ભેદ પડી જવાથી તે સવાલનો નિર્ણય જોઇએ તેવો સંતોષકારક થાય એમ લાગતું નહોતું. જૈનવિધિ પ્રમાણે લગ્ન કરવાનો ઠરાવ સૂચનારૂપમાં છેલ્લી જૈન કોન્ફરન્સમાં કરવામાં આવ્યો હતો. આ સવાલે ઉકતજ્ઞાતિમાં કાંઇક આકરૂં રૂપ લીધું હતું. જ્ઞાતિમાં કેટલોક વૈશ્નવ પક્ષ હોવાથી તે સવાલ ગંભીર ગણાયો હતો. છેવટે એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે લગ્નતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેદોક્ત વિધિએ કરવા પણ ત્યાર પછી જૈન વિધિ પ્રમાણે કરવા હોય તો તે કરવામાં જ્ઞાતિ તરફથી અડચણ નથી. આ ઠરાવ જો કે સમજુતીનું પરિણામ છે તો પણ તે સંબંધમાં વિચાર કરવાની જરૂર છે. પ્રથમ તો જ્ઞાતિના આગેવાનોએ યાદ રાખવું કે જ્યારે એક સવાલ ઉપર મમત બંધાય ત્યારે થોડો વખત ખામોશ પકડી જવી. આવા પ્રસંગે જેઓ ઉતાવળા થઇ જાય છે તેઓ પસ્તાય છે. જ્ઞાતિના આગેવાનો આવી સ્થિતિ ઘણી વખત અનુભવે છે. આવો સવાલ ઉત્પન્ન થતાંજ જો તેનો નિર્ણય ન થઇ શકે તો તે સવાલ થોડો વખત મુલતવી રાખવો પણ તે ઉપર મમત બંધાવાથી બે પક્ષ પડી જાય છે અને કોઇ પણ પક્ષ પોતાનો સાચો યા જુડો વિચાર જુડા તરીકે જાણ્યા છતાં પણ મિથ્યા ટેકની ખાતર છોડતો નથી, છોડી શકતો નથી. અને બીજા માણસો તે બાબતમાં નિરંતર ઉશ્કેરણી ચલાવ્યા કરે છે. આવા કટાકટીના પ્રસંગમાં આગેવાને બહુ વિચારીને કાર્ય કરવાની જરૂર છે.

**
*

**મી. અમરચંદ તલકચંદ અને જૈન વિધિ**—ઉક્ત પ્રસંગ પછી તેજ જ્ઞાતિમાં શ્રી માંગરોળમાં શેઠ અમરચંદ તલકચંદના પુત્રના લગ્ન વૈદિક અને જૈન બન્ને વિધિ અનુસાર થયા છે. અને અમને અત્યંત હર્ષ સાથે ખબર મળી છે કે બ્રાહ્મણોએ જૈન વિધિ શીખી તે પ્રમાણે લગ્ન કરાવવાની કબુલાત આપી છે. આ રસ્તો બહુ સારો થયો છે. તેથી કુસંપનું બીજ રહેવા પામશે નહીં. મી. અમરચંદે જે બહાદુરી બતાવી છે અને પોતાની ટેક જાળવી રાખી છે તેને માટે તેમને પૂરેપૂરો ધન્યવાદ ઘટે છે.

**
*

**ભાવનગરમાં મરકીનો ઉપદ્રવ**—આગ સંબંધી ઉપદ્રવની પીડામાંથી હજુ ભાવનગર ઉભુ થયું નહોતું ત્યાં આ વખત મરકીનો સખત હુમલો તેનાપર થયો છે. લગભગ ચારથી પાંચ હજાર માણસ મરકીથી મરણ પામ્યું છે ત્રણ માસ સુધી આખું શહેર શૂન્યકાર હાલતમાં આવી પડ્યું હતું. આવે પ્રસંગે વ્યાપાર રોજગાર બંધ પડે એ સ્વાભાવિક છે. આપણી જૈન કોમનો આધાર વ્યાપારપર હોવાથી તેમને માણસોની અને વ્યાપારની એવડી હાની થઇ છે. આ વખતે ઘણા જૈનભાઇઓ નગર બહાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલ્યા જવાથી જૈન કોમમાં મરણનું પ્રમાણ ઓછું આવ્યું છે. આવા પ્રસંગે દુનિયાની અસ્થિરતા જણાઇ આવે છે. મનુષ્ય ચાલતા ચાલતા ઉંચું જોતો નથી, પણ તેને ખબર નથી કે બીજી પળ કેવી જશે. મરકીથી અનેક કુટુંબો પાયમાલ થઇ ગયા છે અને અનેક યુવતીઓ પતિ વગરની થઇ પડી છે. મરકીના વખતમાં અહીંના આગેવાન ગૃહસ્થો પૈકી શાંથી મોતીલાલ ગગલ અને શા કુંવરજી આણંદજીના પ્રયાસથી એક મોટું ફંડ એકઠું કરવામાં આવ્યુ હતું અને તેમાંથી સર્વ કામ માટે સર્વ પ્રકારની મદદ આપવામાં આવતી હતી આવા પ્રસંગે જે લોકો દ્રવ્યની મૂર્છા ઉતારે છે તેઓને ધન્ય છે ભાવનગરની પ્રજાએ બહુ સહન કર્યું છે અમે તે બાબતમાં પૂરેપૂરી દીલસોજી બતાવીએ છીએ.

**
*

**મરકી અને અમે પોતે**—મરકીના કારણથી જેમ ભાવનગરને સહન કરવું પડયું છે તેમ અમારી સભાને પણ નુકસાનનો પાર રહ્યો નથી. ગઇ મોટી આગમાં સભાનું સર્વસ્વ બળી ગયા પછી પાછું આખું ખાતું લાઇનપર મુકવામાં આવ્યું હતું અને કેટલીક ચોપડીઓ છપાઇ ગઇ હતી અને બીજું કામ ચાલતું હતું. સાથે સાથે ચોપડી વેચવાનું કાર્ય પણ શરૂ કરી દેવામાં આવ્યું હતું. ચોપાનિયું તો ચાલુજ હતું. પણ તેવામાં આ પ્લેગથી અમારો સભાનો ૧૫ વર્ષનો અનુભવી નોકર ત્રવાડી કેશવજી વાલજી ગુજરી જવાથી અમને ઉઘરાણી સંબંધમાં મોટું નુકશાન થયું છે. વળી ચોપાનિયા મોકલવા તથા છપાવવાનું કામ અનિયમીત થઇ જવાથી આ વખતે બે અંક સાથે કાઢવા પડયા છે. સર્વ પ્રકારના ઉદ્દેગનો પ્રસંગ હોવાથી અમારા ગ્રાહકો અમને દરગુજર કરશે એવી આશા છે, આ વખતની મરકીનું જોર એવું સખત હતું કે સભાની ઓફીસ લગભગ બે માસ સુધી ઉઘડી નહોતી તેથી ચોપડીઓના ઓર્ડરો અને કાગળના પ્રત્યુત્તરો લખવામાં વિલંબ થયો છે. આ સર્વ બાબત માટે અમે નિરૂપાય હતા તેથી દિલગીર છીએ. હવે પછી ચોપાનિયાનું કામ બનતા સુધી નિયમીત કરવામાં આવશે. છતાં માસિક ચોપાનીયું જરા અનિયમીત થઇ જાય તો તે નુકશાનકર્તા થઇ પડતું નથી.

**
*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બનારસ પાઠશાળા અને જૈનો—મુનિ મહારાજ શ્રી વૃદ્ધિચંદજીના** શિષ્ય **મુનિ ધર્મવિજયજીના** પૂરતા પ્રયાસથી **બનારસ** ખાતે જે **સંસ્કૃત પાઠશાળા** સ્થાપવામાં આવી છે તેને દરેક જૈનભાઇએ પોતાથી બનતી મદદ આપવી જોઇએ. આ બાબતમાં બહુ સારો પ્રયાસ થવાની જરૂર છે. સંસ્કૃત જ્ઞાન આપણા વર્ગમાં બહુ નીચી સ્થિતિએ આવી ગયું છે તેથી તેનો ઉદ્ધાર થવાની જરૂર છે આ શાળાથી જૈન વર્ગને અનેક પ્રકારના લાભ છે તેમાંથી વિદ્વાન મુનિ મહારાજાઓ બહાર આવી જૈન ધર્મનો વિજય ડંકો વગાડશે. અને શ્રાવકો પણ બ્રાહ્મણ શાસ્ત્રીઓ તથા જૈને પાઠશાળા અને કન્યાશાળાને માટે જોઇતા માસ્તરોની જગ્યાઓ પૂરી પાડશે. આવા ઉપયોગી ખાતાને મદદ આપવા પ્રત્યેક જૈન બંધાયેલો છે, આ ખાતું જો કે હાલ તુરત પાંચ વર્ષ સુધી અનુભવ માટે કાઢવામાં આવ્યું છે. પણ આશા છે કે આપણા જૈનભાઇઓ પોતાની ઉદારતા બતાવી આવા ઉપયોગી ખાતાને સારી રકમથી નવાજશે અને તેમ કરીને જૈન ધર્મનું ચૈતન્ય ચિર સ્થાયી થાય એવા પ્રયત્નમાં પોતાનું નામ જોડશે.

**
*

**બનારસ પાઠશાળાની વાર્ષિક મીટીંગ**—માગશર શુદ ૧૦ મે શ્રી વીરમગામમાં આ ખાતાની વાર્ષિક મીટીંગ બોલાવવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી વીરમગામના મેમ્બરો ઉપરાંત અમારી સભાના પ્રમુખ **શેઠ કુંવરજી આણંદજી** અને મેસાણાવાળા **શા વેણીચંદ સુરચંદ** હાજર થયા હતા. તે પ્રસંગે જૈન પત્રના અધિપતિ મી. **ભગુભાઇ ફતેચંદ** વિગેરેને નવા વર્ષથી મેમ્બર તરીકે મુકરર કર્યા હતા. ગયા વર્ષનો રીપોર્ટ વાંચવામાં આવ્યો હતો, અને આવતા વર્ષ માટે રૂ ૬૦૦૦) ની રકમ ખરચ માટે મંજુર કરવામાં આવી હતી. આ ખાતાને બહુ સારી મદદની પૂરેપૂરી જરૂર છે. મુંબઇના મોતીના કાંટા તરફથી માસિક ૧૨૫ રૂપીઆની મદદ મળી છે તે બહુ આવકાર દાયક છે. અને આવી રીતે શેઠીઆ વર્ગ પોતાથી બનતી મદદ આપશે એવી સંપૂર્ણ આશા છે. આવું ખાતું સારી રીતે ચલાવવા માટે વાર્ષિક રૂ. ૨૦૦૦૦)ના ખર્ચની જરૂર છે. આટલો ખરચ કરવામાં આવે તો લગભગ ૧૦૦ શ્રાવકો અભ્યાસ કરી શકે. અને આવી રીતે અભ્યાસ કરી બહાર નીકળેલા જૈનો પોતાની કોમને દિપાવે. આ વર્ષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન જ્ઞાનનો રક્ષક થઇ પડશે. કારણ જે સાંપ્રદાયિક જ્ઞાનનો નાશ થતો જોવામાં આવે છે તે અટકશે. વળી બીજી એક યોજના એમ કરી છે કે બનારસ જનાર વિદ્યાર્થીએ પ્રથમ શ્રી મેસાણા પાઠશાળામાં ત્રણથી છ માસ અભ્યાસ કરી પોતાની લાયકાત માટેનું સર્ટીફીકેટ મેળવવું. આ યોજના પણ બહુ સારી છે.

**
*

**શ્રી કેશરીઆજી તીર્થ સંબંધી વિશેષ સમાચાર.**—ગયા અંકમાં **શ્રી કેશરીઆજી** સંબંધી કેટલીક હકીકત અમે પ્રગટ કરી હતી તે ઉપરથી વધારે હકીકત લખાઇ આવી છે કે-ત્યાં કેશર રતલ ૪૦૦ થી ૫૦૦ જેટલું આખા વર્ષમાં ચડે છે એમ જણાવ્યું છે તે તો ભંડારથી વેચાણ થઇને તેટલું ચડે છે પરંતુ એકંદર તો હજાર બે હજાર રતલ ચડે છે. દરરોજ ઓછામાંઓછું પાંચ રતલ તો ચડેજ છે. કેટલીક વખત તો બશેં ત્રણશેં રતલ કેશર એક સાથે ચડાવનાર આવે છે. અને કેટલાક માણસ મારેમાર કેશર ચડાવે છે. મતલબ કેટલું કેશર ચડે છે તેનું પ્રમાણ બાંધી શકાતું નથી.

**
*

**શ્રી કેશરીઆજી**ના મંદિરમાં રંગનું તથા કાચ વિગેરેનું કામ ચાલે છે. તે સંબંધમાં શેઠ **કમળશીભાઇ ગુલાબચંદ શંખેશ્વરપુરવાળા, શેઠ વલભજી હીરજી કલકત્તા**વાળા અને શેઠ **કુલચંદજી** ગોલેચા **ફલોધી**વાળા વિગેરેની મદદ હોવાથી સુમારે ૩૮૦૦૦) ની રકમ આવેલી છે તેમાંથી સુમારે ૭ હજાર રૂપીઆ ખર્ચ કરવામાં આવ્યા છે. હજુ ખર્ચ શરૂ છે. ચામચીડીઆ કબુતર વિગેરેની ઘણી આશાતના દુર થઇ છે. દેરાસરની શોભામાં પણ વૃદ્ધિ થઇ છે જેથી યાત્રાએ આવનાર યાત્રાળુઓ બહુ ખુશી થાયછે.

યાત્રાળુઓએ ભંડારમાં આપવા સાથે થોડી રકમ સાધારણ ખાતે આપવાની પણ આવશ્યકતા છે, કારણ કે સમારકામ વિગેરેની સંભાળ રાખવા માટે નોકરોને પગાર આપવામાં બહુ અડચણ પડે છે. શ્રાવક **મગનલાલ પુંજાવત** આ કામની સારી રીતે સંભાળ રાખે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લવાજમની પોહોંચ.

-૧૪ ઝવેરી રાયચંદ ખુશાલચંદ
—૪ શા ભીખાલાલ વલમજી
—૬ શા મણીલાલ ઉત્તમચંદ
-૧૪ શા કસ્તુરચંદ વીરચંદ
૧-૧૪ શા ડાઆભાઇ ઘેલાભાઇ
૨-૧૦ શા ન્યાલચંદ માનચંદ
૩-૧૪ શા દેવરાજ માવજી
૩-૧૪ શા ભારમલ પુનસી
૩-૧૪ શા શામજી ભીમશી
૧-૧૪ શા માલસી કુરસી
૩-૧૪ શા દેવજી જેવતની કું.
૩-૧૪ શા ફીલાભાઇ ઉમેદચંદ
૩-૧૪ ઝવેરી ધરમચંદ ઉદેચંદ
૨-૧૦ શેઠ ઓતમચંદ હીરજી
૧—૪ શા અમરતલાલ કેવળદાસ
૭—૮ રાયબહાદુર બદ્રીદાસજી
૫—૨ શા જેઠાલાલ કલ્યાણજી
૩-૧૪ શા કેશરીચંદ ભાણાભાઇ
૩-૧૪ શા હરખચંદ કપુરચંદ
૩-૧૪ શા રામજી માધવજી
૩-૧૪ શા કલ્યાણજી ખુશાલ
૩-૧૪ શા મોહનલાલ પુંજાભાઇ
૧—૪ શા હીરાચંદ વસનજી
૩-૧૪ શા લલુભાઇ નથુભાઇ
૩-૧૪ શા દલછારામ નાનચંદ
૩-૧૪ શા કુંવરજી આણંદજી
૨-૧૦ શા દેવભંદ ઉત્તમચંદ
૨-૧૦ શા મદનજી મંગળજી
૨-૧૦ શા ઉત્તમચંદ ખીમચંદ
૨—૦ શા કાનજી રાજપાળ
૪-૧૨ શા મોહનલાલ હેમચંદ
૩-૧૪ જાદવજી વેલજી
૧—૪ શા શરૂપચંદ દોલતચંદ
૧—૪ શા શીવનાથ લુંબાજી
૧—૪ શા માનચંદ નગાજી
૧—૪ શા દેવચંદ રાગુજી
૨-૧૦ શા મગનલાલ જેઠારામ
૧—૪ શા મયાચંદ જેઠાચંદ

૩-૧૪ શા મોતીચંદ કુબેરદાસ
૧—૪ શા લલુભાઇ બલાખીદાસ
૧—૪ શા ખુશાલ પાનાચંદ
૨-૧૦ શા ગણપત અમુલખ
૨-૧૦ શા મોતીચંદ પ્રેમચંદ
૧—૪ શા ચુનીલલ પ્રેમચંદ
૧—૪ શા શામજી જેચંદ માસ્તર
૩-૧૪ ઝવેરી માણેકચંદ કપુરચંદ
૨-૧૦ શા માણેકચંદ પાનાચંદ
૨-૧૦ શા ઇચ્છાચંદ રંગીલદાસ
૨-૧૦ શા નેમચંદ ભીમચંદ
૧—૪ શા મગનલાલ કંકુચંદ
૧—૪ શા ગોકળભાઇ દોલતરામ
૨-૧૦ ઝવેરી રૂપચંદ ઝવેરચંદ
૧—૪ શા રતનજી જીવણદાસ
૩-૧૪ શા અંબાલાલ પાનાચંદ
૨-૧૦ શા ધરમશી ગોવનજી
૫—૦ શા છોટાલાલ પ્રેમજી
૨-૧૦ શા અવચળ દીઆળજી
૨-૧૦ શેઠ મનસુખભાઇ ભગુભાઇ
૧૦—૦ બાબુ પનાલાલ પુનમચંદ
૧—૬ શા દેવજી નથુભાઇ
૨-૧૦ શા ઉમરશી રાયશી
૧—૪ શા હેમચંદ મોતીચંદ
૨-૧૦ ઝવેરી મુળચંદ હીરાચંદ
૧—૪ શા પુનમચંદ મગનચંદ
૨—૦ શા દેવજી વરશંગ
૨-૧૦ શા દેવકરણ ઝવેરચંદ
૨-૧૦ શા ઉત્તમચંદ રીખવદાસ
૧—૬ શા ડાહ્યાભાઇ વાડીલાલ
૧—૬ શા ડાઆભાઈ નીહાલચંદ
૨-૧૦ શા થોભણ દામજી
૨-૧૦ ઝવેરી છોટાલાલ લલુભાઈ
૨-૧૦ શા જેચંદ જેપાળ
૧—૬ શા નાનચંદ ગાંડા
૩-૧૪ શા મંગળદાસ છગનલાલ
૨-૧૦ શા હરગોવન ઝવેરચંદ
૨-૧૦ શા નેમચંદ મેળાપચંદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨-૧૦ ઝવેરી હીરાચંદ મોતીચંદ
૨-૧૦ શા જીવણ ચતુર
૧—૪ શા હાથીભાઇ મુળચંદ
૨-૧૦ ગાંધી મગનલાલ સાંકળચંદ
૧—૪ ઝવેરી વીરચંદ ધરમચંદ
૧—૪ શા પરસોતમ લાલચંદ
૧—૪ વોરા નથમલ દલીચંદ
૧—૪ શા રતનચંદ નાગરદાસ
૦-૧૦ શા માણેકચંદ રાયચંદ
૧—૪ શા રતનસી વરધમાન
૩-૧૩ શા નરસીદાસ હરજીવનદાસ
૧—૪ ગાંધી જેઠા વીરા
૧—૬ દોસી ચુનીલાલ ગોવનજી
૨—૮ શા મોતીલાલ ડુંગરશી
૧—૪ મેતા નરસીદાસ મોતીચંદ
૨-૧૦ મેતા મોતીલાલ ત્રીભોવનદાસ
૦-૧૦ શા ચકુભાઈ લીલાચંદ
૧—૩ મે. લોર્ડ રે. લાયબ્રેરી
૧—૪ શા બાલાભાઈ છગનલાલ
૨—૮ શા ગણેશ વેલજી
૨—૪ મેતા ગુલાબચંદ જીવાભાઇ
૨—૪ મેતા લલુભાઇ કાળીદાસ
૨-૬ મેતા કલ્યાણજી મુળજી
૧—૪ શા જીવરાજ હેમચંદ
૧—૪ વકીલ ચત્રભજ ગોવનજી
૧—૪ શા શંકરચંદ વસનજી

### શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્રના લવાજમના.

૪—૮ શા દામજી મેઘજી
૩—૯ શા ડાહ્યાભાઇ કલ્યાણજી
૪—૮ શા દલીચંદ ભાયચંદ
૪—૮ બાબુ પનાલાલ પુનમચંદ
૩—૦ શા મોહનલાલ હેમચંદ

## જાહેર ખબર.

### ( આંખના દરદીઓને અમુલ્ય તક. )

(મુનિરાજ તથા સાધ્વી માટે મફત.)

ચક્ષુરૂપી રત્નને જાળવવું એજ દુનીયામાં મોટી દોલત છે. શરીરે સુખી તેજ ખરો સુખી કહેવાય છે, ને શરીરનો આધાર ચક્ષુ ઉપર છે. તેથી આગળ ઉપર ચસ્માની જરૂર ન પડે હમેશાં આંખ સાફ રહે અને તેજી વધે તેને માટે "શુદ્ધ સાચા મોતીનો સુરમો" કાળો, સફેત, અથવા લાલ ત્રણે રંગનો પણ એક સરખા ગુણવાળો અમે બનાવેલો છે તે જોઇએ તેણે મંગાવવો. તેની કિમ્મત નંબર ૧ લાના તોલા ૧ ના રૂ. ૪) અને નંબર બીજાના તોલા૧ ના રૂ.૨) પોસ્ટ ખર્ચ જુદું પરદેશવાળાને વેલ્યુપેબલથી મોકલશું. આ દવાથી ઘણા ફાયદા થાય છે. ઘણા માણસોને ફાયદા થયેલા છે તેના સર્ટીફીકેટો અમારી પાસે મોજુદ છે.

ત્રણે જાતનો સુરમો બનાવનાર તથા વેચનાર
**શેઠ ત્રીભોવનદાસ હઠીશંગ.**
જામનગર—કાઠીયાવાડ.

---

## અમારી સભાના નવા મેમ્બરો.

૧ શા ડાહ્યાભાઇ હુકમચંદ લાઇફમેમ્બર
૨ વકીલ ચત્રભજ ગોવીંદજી જામનગર. પહેલા વર્ગના મેમ્બર

For Private And Personal Use Only